dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-351 | AD-2026, Bhadarva Vad-02 | Monday, Dt. 28-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

રેલી માત્ર એક પક્ષ પૂરતી મર્યાદિત નહીં રહે અને તેમાં તમામ રાજકીય પક્ષો તથા લોકોના અવાજને સ્થાન આપવામાં આવશે

## જ્ઞાનેશ કુમાર સામે ઉધ્ધવ-રાજ ઠાકરેની ૪ ઓક્ટોબરે મુંબઈમાં મહારેલી

મુંબઈ, તા.૨૭

કેન્દ્રીય ચૂંટણી પંચમાં આંતરિક મતભેદોના અહેવાલો બાદ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લઈને વિપક્ષી નેતાઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. મહારાષ્ટ્રમાં મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરે અને ઉધ્ધવ ઠાકરે દ્વારા જ્ઞાનેશ કુમાર સામે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. રાજ ઠાકરેએ શનિવારે જાહેરાત કરી હતી કે તેઓ અને ઉધ્ધવ ઠાકરે ૪ ઓક્ટોબરે મુંબઈમાં મુખ્ય ચૂંટણી કમિશનર સામે ભવ્ય રેલી યોજશે.રાજ ઠાકરેએ જણાવ્યું હતું કે આ રેલી કોઈ એક પક્ષના બેનર હેઠળ નહીં યોજાય, પરંતુ લોકો બંધારણ અને લોકશાહીના રક્ષણ માટે રસ્તા પર ઉતરશે. રેલીની જાહેરાત પહેલાં ઉધ્ધવ સેના રાજ્યસભા સભ્ય સંજય રાઉત અને રાજ ઠાકરે વચ્ચે મુલાકાત થઈ હતી. ત્યારબાદ રાજ ઠાકરેએ સામાજિક માધ્યમ પર રેલીની જાહેરાત કરી હતી. મનસેના નેતાના જણાવ્યા મુજબ આ રેલી માત્ર એક પક્ષ



પૂરતી મર્યાદિત નહીં રહે અને તેમાં તમામ રાજકીય પક્ષો તથા લોકોના અવાજને સ્થાન આપવામાં આવશે. કોંગ્રેસ, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી, શરદ પવાર જૂથ, સમાજવાદી પાર્ટી, પ્રકાશ આંબેડકરની પાર્ટી સહિતના પક્ષોને રેલીમાં જોડાવા આમંત્રણ આપવામાં આવશે. કોંગ્રેસના એક નેતાએ જણાવ્યું કે રાહુલ ગાંધીએ પણ ચૂંટણી પંચ સામે દેશવ્યાપી વિરોધ શરૂ કર્યો છે. મુંબઈમાં આવી રેલીનું સ્વાગત છે, પરંતુ રેલીની તારીખ અને માર્ગ અંગે હજુ માહિતી મળી નથી. પક્ષને અત્યાર સુધી આમંત્રણ મળ્યું ન હોવાથી તેમાં ભાગ લેવાશે કે નહીં તે અંગે કહેવું વહેલું છે.રાજ ઠાકરેએ મહારાષ્ટ્રના લોકોને મોટી સંખ્યામાં રેલીમાં જોડાવા અપીલ કરી હતી. રેલીનો સમય અને સ્થળ ટૂંક સમયમાં જાહેર કરાશે. બીજી તરફ કોકરોચ જનતા પાર્ટીના સ્થાપક અભિજીત દીપકેએ પણ જ્ઞાનેશ કુમારને ૨ ઓક્ટોબર સુધીમાં રાજીનામું આપવાનું અલ્ટીમેટમ આપ્યું છે.

### પ્રિયંકા ગાંધીનો સવાલ, નિષ્પક્ષ ચૂંટણી કેવી રીતે થશે?

ચૂંટણી પંચ અંગેના વિવાદ વચ્ચે ભાજપ અને વિપક્ષ વચ્ચે નિવેદનબાજી તેજ બની છે. કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર પર લાગેલા આરોપોનો ઉલ્લેખ કરીને નિષ્પક્ષ ચૂંટણી અંગે સવાલ ઉઠાવ્યો. તેમણે જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી હતી.

### કોંગ્રેસે બનાવટી જૂઠાણાંનો સહારો લીધોઃ નીતિન નવીન

ભાજપ અધ્યક્ષ નીતિન નવીને આરોપ લગાવ્યો કે કોંગ્રેસે ચૂંટણી પંચ પર હુમલો કરવા બનાવટી જૂઠાણાંનો સહારો લીધો છે. તેમણે કહ્યું કે એસઆઈઆર મુદ્દે વિપક્ષ જનતાને ગેરમાર્ગે દોરી રહ્યો છે. ચૂંટણી પંચે સ્પષ્ટ કર્યું કે એસઆઈઆર સંબંધિત તમામ નિર્ણયો ત્રણેય ચૂંટણી કમિશનરોની સર્વસંમતિથી અને કાયદેસર પ્રક્રિયા મુજબ લેવાયા છે. નવીને કોંગ્રેસ પર બંધારણીય સંસ્થાઓની વિશ્વસનીયતા નબળી પાડવાનો આરોપ પણ મૂક્યો હતો.

## જ્ઞાનેશ કુમારે ભાજપમાં જોડાવાની ઓફર કરી હતીઃ કેરળના ભૂતપૂર્વ મુખ્ય સચિવનો દાવો

તિરુવનંતપુરમ, તા.૨૭

કેરળના ભૂતપૂર્વ મુખ્ય સચિવ જીજી થોમસને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અંગે મોટો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું કે ૨૦૧૬માં સરકારી સેવામાં હતા ત્યારે જ્ઞાનેશ કુમારે નિવૃત્તિ બાદ ભાજપમાં જોડાઈ લોકસભાની ચૂંટણી લડવાનું સૂચન કર્યું હતું.

જો ચૂંટણી જીતી જાય તો કેન્દ્ર સરકારમાં મંત્રી બનવાની તક મળી શકે તેવું પણ તેમણે જણાવ્યું હોવાનો થોમસનનો દાવો છે.થોમસનના જણાવ્યા



મુજબ, આ વાતચીત ૨૦૧૬માં દિલ્હી જતી ફ્લાઈટ દરમિયાન થઈ હતી. તે સમયે બંને સરકારી સેવામાં હતા. તેમણે રાજકારણમાં પ્રવેશવામાં રસ ન હોવાથી આ સૂચન નકારી કાઢ્યું હતું.જ્ઞાનેશ કુમાર અંગેનો આ દાવો એવા સમયે સામે આવ્યો છે, જ્યારે મતદાર યાદીની સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન પ્રક્રિયાને લઈને ચૂંટણી પંચની કામગીરી અંગે પ્રશ્નો ઉઠી રહ્યા છે. થોમસને કહ્યું કે વરિષ્ઠ સરકારી અધિકારી તરીકે સેવા આપતા સમયે આવું સૂચન કરવામાં આવ્યું હોવાને લઈને તેમને આશ્ચર્ય થયું હતું.

જીજી થોમસન કેરળ કેડરના ૧૯૮૦ બેચના આઈએએસ અધિકારી છે.

તેમણે જાન્યુઆરી ૨૦૧૫થી ફેબ્રુઆરી ૨૦૧૬ સુધી કેરળના મુખ્ય સચિવ તરીકે સેવા આપી હતી. ૨૦૨૧માં કોંગ્રેસના કેટલાક નેતાઓએ તેમને વાટ્ટીયુરકાવુ બેઠક પરથી ચૂંટણી લડવાની ઓફર કરી હતી, પરંતુ તેમણે તે પણ સ્વીકારી ન હતી.

## યુપીમાં બેઠકોની વહેંચણી મુદ્દે સપા-કોંગ્રેસ વચ્ચે મડાગાંઠના મળતા સંકેત

લખનૌ, તા.૨૭

ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં બેઠકોની વહેંચણીને લઈને સપા અને કોંગ્રેસ વચ્ચે મડાગાંઠ રહેવાના સંકેતો છે. કોંગ્રેસે બ્રાહ્મણ, દલિત અને મુસ્લિમ પ્રભાવ ધરાવતી ૧૫૦ બેઠકો ઓળખી છે અને શરૂઆતની વાટાઘાટોમાં સપા પાસે આ બેઠકોની માંગણી કરવાની તૈયારી કરી છે. જોકે, કોંગ્રેસનું અંતિમ લક્ષ્ય ૧૦૦ બેઠકો હોવાનું સૂત્રોએ જણાવ્યું છે અને તેનાથી ઓછી બેઠકોનો પ્રસ્તાવ સ્વીકારવામાં નહીં આવે. કોંગ્રેસે રાજ્યની ૪૦૩ બેઠકોને ત્રણ શ્રેણીમાં વહેંચી છે. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ, સપા સાથે બેઠક વહેંચણીની વાટાઘાટો આવતા અઠવાડિયે શરૂ થવાની શક્યતા છે. બીજી તરફ, ઓવૈસી અને ચંદ્રશેખર આઝાદના સંભવિત ગઠબંધનથી મુસ્લિમ-દલિત મતવિભાજનની શક્યતા અંગે પણ સપા ચિંતિત હોવાનું કહેવાય છે.




## આસામમાં સીજેપીના આશુતોષ રંકા સહિત ટીમની અટકાયત

ગુવાહાટી, તા.૨૭

આસામ પોલીસે કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સહ-સ્થાપક આશુતોષ રંકા અને તેમની ટીમની અટકાયત કરી હોવાનો દાવો કરવામાં આવ્યો છે. આશુતોષ રંકાએ પોતે આ અંગે માહિતી આપી હતી. સીજેપીના સ્થાપક અભિજીત દિપકેએ પણ આ કાર્યવાહીને લઈને વિરોધ વ્યક્ત કર્યો હતો. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, "તું આટલો ડર કેમ છે, હિમંત?"



અભિજીત દિપકેએ જણાવ્યું હતું કે, આસામ પોલીસે આશુતોષ રંકા અને સીજેપીની ટીમને અટકાયત કરી અજાણ્યા સ્થળે લઈ જવામાં આવી રહી છે.

વકીલો ડિટેન્શન સેન્ટરની બહાર ઉભા હોવા છતાં તેમને અંદર જવા દેવામાં આવતા નથી તેવો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. રંકાએ આરોપ લગાવ્યો હતો કે આસામના સરકારી શાળાઓની વાસ્તવિકતા, કાઝીરંગામાં લોકોના અધિકારો તેમજ જમીન, જંગલ અને પાણીના મુદ્દાઓ અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવી રહ્યા હોવાથી તેમને રોકવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સીજેપી દ્વારા ગુવાહાટીમાં પ્રથમ પ્રાદેશિક સ્વયંસેવક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સંગઠનના જણાવ્યા મુજબ, કાર્યક્રમમાં અનેક નેતાઓ અને સ્વયંસેવકો હાજર રહેવાના હતા. જોકે, પોલીસે સ્થળ તરફ જતા રસ્તાઓ બ્લોક કરી ઉપસ્થિતોને બેઠકમાં પહોંચતા અટકાવ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. દરમિયાન સીજેપીએ દિલ્હીમાં બીજી વિરોધ કૂચ યોજવાની જાહેરાત પણ કરી છે.









સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી

સોમવાર, તા.૨૮-૦૯-૨૦૨૬

# કુંકાવાવમાં તાલુકાકક્ષાની ચિત્ર અને વકૃત્વ સ્પર્ધા યોજાઈ

**ઉર્જામંત્રી કૌશિક વેકરીયાની વિશેષ ઉપસ્થિતિ**

અમરેલી,તા.૨૭

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જાહેરજીવનના ૨૫ વર્ષની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર ગુજરાતમાં આગામી તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ સુધી 'સેવા સંકલ્પ અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છેઆ અભિયાન અંતર્ગત બી.આર.સી. ભવન, કુંકાવાવ ખાતે તાલુકાકક્ષાની ચિત્ર અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજયના કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા ઉપસ્થિત રહી સ્પર્ધક બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.સ્પર્ધામાં તાલુકાની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિકસિત ભારત જ ૨૦૪૭, ગગનયાન મિશન, ચંદ્રયાન-૩ મિશન અને પુનઃપ્રાપ્ય ઊર્જા જેવા વિવિધ વિષયો પર વિદ્યાર્થીઓએ પોતાની કલ્પનાશક્તિનો પરિચય



કરાવ્યો હતો. ચિત્ર સ્પર્ધામાં બાળકોએ વિવિધ વિષયો પર આકર્ષક ચિત્રો દોર્યા હતા, જ્યારે વકૃત્વ સ્પર્ધામાં પોતાના વિચારો રજૂ કર્યા હતા.રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાએ બાળકોની સર્જનાત્મકતા અને પ્રતિભાને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, બાળકો દેશનું ભવિષ્ય છે અને તેમનામાં વૈજ્ઞાનિક અભિગમ તથા રાષ્ટ્રભાવના કેળવવી જરૂરી છે.કાર્યક્રમમાં કુંકાવાવ તાલુકા પંચાયતના હોદ્દેદારો, સ્થાનિક આગેવાનો, વિવિધ શાળાના શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ખાંભા ખાતે નવી ગ્રામ પંચાયત કચેરીના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત

ખાંભા, તા.૨૭

ખાંભા ખાતે નવી ગ્રામ પંચાયત કચેરીના નિર્માણ કાર્યનું ધાર્મિક વિધિ સાથે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અંદાજે રૂ. ૪૦ લાખના ખર્ચે નિર્માણ પામનાર આ કચેરીથી ગ્રામજનોને પંચાયતની વિવિધ સેવાઓ સરળતાથી મળી રહેશે. પ્રસંગે અમરેલી લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરીયા,



ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિત સરપંચ, પૂર્વ સરપંચો, તાલુકા ભાજપ પ્રમુખ, જિલ્લા પંચાયતના સદસ્યો, ભાજપના મહામંત્રી, હોદ્દેદારો, કાર્યકર્તાઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ભૂદેવોએ શાસ્ત્રોક્ત વિધિથી પૂજા-અર્ચના કરી હતી.

# જાફરાબાદ તાલુકાના ટીબી ગામે ભાજપ કાર્યકર્તાઓએ 'મન કી બાત' કાર્યક્રમ સાંભળ્યો

જાફરાબાદ, તા.૨૭



જાફરાબાદ તાલુકાના ટીબી મુકામે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'મન કી બાત' કાર્યક્રમનું ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓએ સાથે બેસીને શ્રવણ કર્યુ હતું. આ સાથે હાલમાં ચાલી રહેલા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આગામી કાર્યક્રમોના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન કાર્યકર્તાઓએ અભિયાનને સફળ બનાવવા જરૂરી આયોજન અંગે પણ ચર્ચા કરી હતી.

# ડીડીઓની હાજરીમાં અમરેલીના વડેરા ખાતે 'આંગણ ઉત્સવ' કાર્યક્રમનું આયોજન

અમરેલી,તા.૨૭

અમરેલી-૨ ઘટક હેઠળ આવતા વડેરા ગામમાં ICDS વિભાગ દ્વારા 'આંગણ ઉત્સવ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં જિલ્લા વિકાસ અધિકારી પ્રજાપતિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં આંગણવાડીના બાળકોને ફળ અને પૌષ્ટિક સુખડીનું વિતરણ કરવામાં આવ્યું, સાથે વાનગી નિદર્શન,



શૈક્ષણિક રમકડાં અને બાળકોના પોર્ટફોલિયોનું નિરીક્ષણ મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું. જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષ સ્થાને લાભાર્થીઓ સાથે 'સુપોષણ સંવાદ' યોજી પોષણ અંગે માર્ગદર્શન અપાયું. કિશોરીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજી વિજેતાઓને ઈનામ અપાયા, અને કુપોષણમુક્ત તથા નિયમિત હાજર રહેતા બાળકોને પ્રોત્સાહિત કરાયા. કાર્યકર, હેલ્પર અને આશા વર્કર બહેનોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા. 'કહાની બદલાવ કી' સત્રમાં કિશોરીઓ અને માતાઓએ પોતાના અનુભવો વ્યક્ત કર્યા અને સૌએ 'પોષણ શપથ' લીધા.

# સાવરકુંડલામાં રૂમમાં સુતેલા પ્રૌઢ પર બોથડ પદાર્થથી જીવલેણ હુમલો

**જાગી જતાં જાનથી મારવાનો પ્રયાસ કર્યો**

સાવરકુંડલા, તા.૨૭

સાવરકુંડલામાં રૂમમાં સુતેલા પ્રૌઢ પર બોથડ પદાર્થથી જીવલેણ હુમલો કરવામાં આવતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ અંગે પ્રવિણભાઈ માધવજીભાઈ તળાવીયા (ઉ.વ.૬૨)એ બે અજાણ્યા માણસો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા તા.૨૫/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે જમીને રૂમમાં સુતા હતા, તેવામાં બે અજાણ્યા માણસોએ કોઈ અગમ્ય કારણોસર ઘર અંદર પ્રવેશ કર્યો હતો. જે બાદ તેમના પિતાના રૂમમાં જતાં તેઓ જાગીને ઉભા થવા જતાં જાનથી મારી નાંખવાના ઈરાદાથી બોથડ પદાર્થ વડે માથાના ભાગે મારી ગંભીર ઈજા કરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી. પી. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# બરવાળા બાવળ ગામે સાસરીયાએ પરિણીતાને ઘરમાંથી કાઢી મૂકી

**એકાદ વર્ષ પહેલાં ઘરેથી કાઢી મૂક્યાં બાદ પરિણીતાએ ફરિયાદ નોંધાવી**

વડિયા, તા. ૨૭

વડિયાના બરવાળા બાવળ ગામે રહેતી પરિણીતાને પતિ અને સાસુએ 'અમારે તું જોઈતી નથી' તેમ કહી ઘરેથી કાઢી મૂકી હતી. બનાવ અંગે હાલ બરવાળા બાવળ ગામે રહેતાં પીનલબેન બાબુભાઈ પરમાર (ઉં.વ.૨૭)એ ગોંડલના હડમતાળા ગામે રહેતા પતિ રાજેશભાઈ (ઉર્ફે કિશનભાઈ) પોપટભાઈ રાણગા તથા સાસુ હકીબેન પોપટભાઈ રાણગા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, પતિ રાજેશભાઈ તથા સાસુ હકીબેને લગ્નજીવન દરમિયાન પીનલબેનને શારીરિક અને માનસિક દુઃખ-ત્રાસ આપ્યો હતો. તેમજ નાની-નાની બાબતે મેણાં-ટોણાં મારી 'અમારે તું જોઈતી નથી' તેમ કહી આજથી એકાદ વર્ષ પહેલાં ઘરેથી કાઢી મૂક્યાં હતાં અને આજદિન સુધી તેડવા આવ્યા નહોતા. આ અંગે વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ. એલ. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલી ખાતે જિલ્લાકક્ષાના યુવા ઉત્સવ સ્પર્ધાનું આયોજન કરાયું

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે જિલ્લાકક્ષાએ "યુવા ઉત્સવ" સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લોકગીત, લોકનૃત્ય, નુક્કડ નાટક, ચિત્રકામ અને કાવ્ય લેખન એમ કુલ પાંચ સ્પર્ધાઓ યોજાશે. મુખ્ય સ્પર્ધકોની વય મર્યાદા ૧૫ થી ૨૯ વર્ષ અને સહાયકોની ૧૮ થી ૪૦ વર્ષ નક્કી કરાઈ છે. ઈચ્છુક ઉમેદવારો, સંસ્થાઓ કે શાળાઓએ પોતાની એન્ટ્રી તારીખ ૯ ઓક્ટોબર ૨૦૨૬ સુધીમાં બહુમાળી ભવન, અમરેલી ખાતે રૂબરૂ કે ટપાલથી મોકલવાની રહેશે. વધુ વિગતો કચેરીના બ્લોગ કે ફોન નંબર પરથી મેળવી શકાશે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# અમરેલીની શાળાઓમાં સ્વચ્છતા ઝુંબેશ યોજાઈ

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લામાં સ્વચ્છતા અંગે જનજાગૃતિ લાવવાના હેતુથી વિવિધ સરકારી અને ખાનગી પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં સઘન સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. અભિયાન અંતર્ગત શાળાના પરિસર, રમતગમતના મેદાનો, વર્ગખંડો અને વહીવટી રૂમોની સફાઈ કરવામાં આવી હતી. આ કામગીરીમાં શાળાના આચાર્યો, શિક્ષકો, વહીવટી સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. શાળા સ્તરે યોજાયેલી આ ઝુંબેશના માધ્યમથી વિદ્યાર્થીઓએ 'સ્વચ્છતા ત્યાં



પ્રભુતા'નો સંદેશ આપ્યો હતો. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને પોતાના ઘર, મહોલ્લા અને જાહેર સ્થળોને પણ સ્વચ્છ રાખવા અંગે સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. શિક્ષણ વિભાગના અધિકારીઓએ અભિયાનને સફળ બનાવવા બદલ શાળાના સ્ટાફ અને વિદ્યાર્થીઓના ઉત્સાહને બિરદાવ્યો હતો. આ અભિયાનથી વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણી અંગે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરાયો હતો.

# ધારીના કરમદડી ગામે બાઈક અડવાની તકરારમાં યુવક પર પાઈપ વડે ખૂની હુમલો

ધારી, તા.૨૭

ધારી તાલુકાના કરમદડી ગામે મોટરસાયકલ અડી જવા જેવી સામાન્ય બાબતમાં થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખી પાંચ શખ્સોની ટોળકીએ એક યુવક પર લોખંડના પાઈપ અને ઢીકાપાટું વડે જીવલેણ હુમલો કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને માથાના ભાગે પાંચ ટાંકા આવ્યા હતા.બનાવ અંગે મિતેશભાઈ વિનુભાઈ ગોંડલીયા (ઉ.વ.૨૧)એ ભવદિપભાઈ જયંતિભાઈ પાટડીયા, જયંતિભાઈ રવજીભાઈ પાટડીયા, સંગીતાબેન જયંતિભાઈ પાટડીયા, રાજુભાઈ કાળુભાઈ પાટડીયા તથા જયશ્રીબેન જયંતિભાઈ પાટડીયા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી ગામમાં બેઠા હતા ત્યારે આરોપી જયંતિભાઈ પાટડીયાનો પુત્ર અર્જુન મોટરસાયકલ લઈને ત્યાંથી નીકળ્યો હતો. આ દરમિયાન બાઈક ફરિયાદીને અડી જતાં બંને વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ હતી. આ બોલાચાલીની અદાવત રાખી તમામ પાંચેય આરોપીઓ એકસંપ થઈ ગેરકાયદે મંડળી રચીને ત્યાં ધસી આવ્યા હતા. આરોપીઓએ ફરિયાદી તેમજ સાહેદ રિધમભાઈને બેફામ ગાળો આપી હતી.ત્યારબાદ ઉશ્કેરાયેલા આરોપીઓ પૈકી એકે ફરિયાદીને લાફા માર્યા હતા, જ્યારે અન્ય એક શખ્સે લોખંડનો પાઈપ ઉગામતાં ફરિયાદી સમયસૂચકતા વાપરી બચી ગયા હતા. જોકે, તે જ વખતે અન્ય એક આરોપીએ માથામાં લોખંડનો પાઈપ ફટકારી દીધો હતો. આ ઉપરાંત અન્ય આરોપીઓએ ડાબા પગમાં પાઈપ ફટકારી તેમજ ઢીકાપાટુંનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. હુમલા બાદ આરોપીઓ જાનથી મારી નાખવાની ધમકી આપી ફરાર થઈ ગયા હતા.

# બાબરાના ઘુઘરાળા ગામે જૂની અદાવત અને દારૂના વિવાદમાં પરિવાર પર હુમલો

**ગાડીમાં તોડફોડ કરી નુકસાન કર્યું**

બાબરા, તા.૨૭

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામે અગાઉ થયેલી મારામારી અને દારૂના વેચાણ બાબતે ચાલતી અદાવતમાં એક પરિવારના ઘરે બે અજાણ્યા શખ્સોને મોકલી વૃધ્ધાને માર મારવા, જાનથી મારી નાખવાની ધમકી આપવા તથા કારમાં તોડફોડ કરવા અંગે બાબરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.બનાવ અંગે પ્રવિણભાઈ રામજીભાઈ ચાવડા (ઉ.વ.૫૨) એ ત્રંબોડા ગામના યુવરાજભાઈ વિરકુભાઈ જેબલીયા તથા અજાણ્યા બે માણસો સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ઘુઘરાળા ગામે રહેતા તેમના પુત્ર જયેશ સાથે આજથી આશરે ૨૦-૨૧ દિવસ પૂર્વે આરોપી યુવરાજ વિરકુભાઈ જેબલીયા તથા બે અજાણ્યા શખ્સોએ મારામારી કરી હતી. આ બનાવ અંગે જયેશે ત્રણેય વિરુધ્ધ અગાઉ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.દરમિયાન ગત તા. ૨૫/૦૯/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે આઠેક વાગ્યાના સુમારે ગામમાં આવેલી ચક્કી પાસે રામકુભાઈ ભીખાભાઈ હુદડ તથા ભલાભાઈ ભગવાનભાઈ ભેસાણીયા આરોપી યુવરાજનો દારૂ વેચતા હતા. તે વખતે ફરિયાદી ત્યાં પહોંચતાં બંને શખ્સો દારૂ મૂકીને નાસી છૂટ્યા હતા. આ બંને બાબતોનું મનદુઃખ રાખી આરોપી યુવરાજ જેબલીયાએ ફરિયાદીના ઘરે બે અજાણ્યા માણસોને મોકલ્યા હતા. આ અજાણ્યા શખ્સોએ ઘરમાં ઘૂસી તેમના માતાને બે લાફા મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. આ ઉપરાંત, જયેશને જાનથી મારી નાખવાની ધમકી આપી ઘર બહાર પાર્ક કરેલી કારનો પાછળનો કાચ તોડી આશરે રૂ. ૩,૦૦૦નું નુકસાન કર્યું હતું.







### રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે ફ્લડ પ્રોટેક્શન વોલ, ચેકડેમ રિપેરિંગ અને નવી આંગણવાડીના કામોનો પ્રારંભ

# વડિયાના મેઘા પીપળીયામાં રૂ. ૨.૫૫ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

અમરેલી,તા.૨૭

વડિયાના મેઘા પીપળીયા મુકામે ગ્રામીણ સુખાકારી અને પ્રગતિને વેગ આપતા વિવિધ જનહિતના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. ગામ અને આસપાસના વિસ્તારના વિકાસને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલા આ કામોથી સ્થાનિક લોકોને પાયાની સુવિધાઓ વધુ સુદ્રઢ બનશે.ખાતમુહૂર્ત અંતર્ગત મેઘા પીપળીયા-ખજુરી રોડ પર ચોમાસા દરમિયાન પૂરથી રક્ષણ મળી રહે તે હેતુથી અંદાજિત રૂ. ૨.૧૦ કરોડના ખર્ચે પૂર સંરક્ષણ દિવાલ એટલે કે ફ્લડ પ્રોટેક્શન વોલ બનાવવામાં આવશે. આ દિવાલના નિર્માણથી ભારે વરસાદ દરમિયાન પાણીના પ્રવાહથી માર્ગ





અને આસપાસના વિસ્તારને થતું નુકસાન અટકાવવામાં મદદ મળશે અને વાહનવ્યવહાર પણ વધુ સુરક્ષિત બનશે.આ ઉપરાંત જળ સંચયને વેગ આપવા માટે રૂ. ૨૫ લાખના ખર્ચે ચેકડેમ રિપેરિંગનું કામ હાથ ધરવામાં આવશે. ચેકડેમના પુનઃઉધ્ધારથી વરસાદી પાણીનો સંગ્રહ વધશે અને ભૂગર્ભ જળસ્તરમાં પણ વધારો થવાની આશા છે. જેના કારણે સ્થાનિક ખેતી અને પાણીની જરૂરિયાતને ફાયદો થશે.બાળકોના પ્રારંભિક શિક્ષણ અને પોષણની સુવિધા વધુ મજબૂત બને તે માટે રૂ. ૨૦ લાખના ખર્ચે નવી આંગણવાડીનું નિર્માણકાર્ય પણ શરૂ કરવામાં આવશે. આંગણવાડી મારફતે નાના બાળકોને શિક્ષણ, પોષણ અને અન્ય જરૂરી સેવાઓ મળી રહેશે. અમરેલીના શહેરી વિસ્તારોની સાથે ગ્રામ્ય વિસ્તારોમાં પણ વિકાસકાર્યોને ગતિ આપવામાં આવી રહી છે. ગ્રામીણ જનજીવન વધુ સુખમય બને અને સ્થાનિક કક્ષાએ જરૂરી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. મેઘા પીપળીયા ખાતે સાકાર થનારા આ પ્રોજેક્ટ્સથી ગામના માળખાકીય વિકાસને વેગ મળશે. પૂર સંરક્ષણ દિવાલ, ચેકડેમનું રિપેરિંગ અને આંગણવાડી જેવા કામો ગ્રામ્ય વિસ્તારના સામાજિક અને આર્થિક વિકાસમાં મહત્વપૂર્ણ સાબિત થશે.

# RTO દ્વારા ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓ માટે રોડ સેફ્ટી અંતર્ગત માર્ગદર્શન સેમીનાર યોજાયો

અમરેલી, તા.૨૭

અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ લાવવા અને ટ્રાફિક નિયમોનું પાલન કરવાની સમજ વિકસે તે હેતુથી માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમમાં ટ્રાફિક ઈન્સ્પેક્ટર મિત શાહ અને આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર પટેલભાઈ ઉપસ્થિત



રહી વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે મહત્વપૂર્ણ માર્ગદર્શન આપ્યું હતું. અધિકારીઓએ રસ્તા પર વાહન ચલાવતી વખતે રાખવાની તકેદારી, ટ્રાફિક નિયમોનું પાલન, હેલ્મેટ અને સીટ બેલ્ટનું મહત્વ, ટ્રાફિક સિગ્નલનું પાલન તથા યોગ્ય ઝડપે વાહન ચલાવવા અંગે સમજ આપી હતી. ઉપરાંત ડ્રાઈવિંગ દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા અને અન્ય લોકોની સુરક્ષાની જવાબદારી નિભાવવા વિદ્યાર્થીઓને જાગૃત કરાયા હતા. રાહદારીઓ, સાઈકલ સવાર અને અન્ય વાહનચાલકો પ્રત્યે જવાબદારીપૂર્વક વર્તવાની સમજ આપવામાં આવી હતી. અધિકારીઓએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ આપી માર્ગ સલામતીને જીવનનો અભિન્ન ભાગ બનાવવા પ્રેરણા આપી હતી.

# બાબરાના ઘરાઈ ગામે ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે પ્રાથમિક શાળાના ચાર નવા ઓરડાનું ખાતમુહૂર્ત

બાબરા, તા.૨૭

બાબરા તાલુકાના ઘરાઈ ગામની પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને વધુ સારી શૈક્ષણિક સુવિધા મળી રહે તે હેતુથી રૂ. ૫૧ લાખના ખર્ચે ચાર નવા ઓરડાના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. નવા ઓરડાના નિર્માણથી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વધુ સુવિધાયુક્ત



વાતાવરણ મળશે તેમજ શાળાની શૈક્ષણિક વ્યવસ્થામાં પણ સગવડતા વધશે. આ પ્રસંગે જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, લાઠી-બાબરા-દામનગર વિધાનસભા મતવિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય, રસ્તા અને પાણી સહિતના વિવિધ ક્ષેત્રોમાં વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસે અને બાળકોને ઉત્તમ વાતાવરણમાં શિક્ષણ મળે તે માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ, તાલુકા ભાજપના મહામંત્રી, સરપંચ, ભાજપના કાર્યકરો, આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### સાંસદ ભરત સુતરીયા અને ધારાસભ્ય જે.વી.કાકડીયાની ઉપસ્થિતિમાં

# અમરેલી જિલ્લામાં તાલુકાકક્ષાની ચિત્ર અને વકૃત્વ સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના અને કલાત્મક કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ‘વિકસિત ભારત ૨૦૪૭’ અને ‘સેવા અને સુશાસનના ૨૫ વર્ષ’ વિષય પર ચિત્ર અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા બનેલા વિદ્યાર્થીઓને તાલુકા કક્ષાએ પ્રતિભા દર્શાવવાની તક મળી હતી.જિલ્લાના તમામ તાલુકા મથકો ખાતે તાલુકા કક્ષાની સ્પર્ધા યોજાઈ હતી. અમરેલી તાલુકાની સ્પર્ધામાં સાંસદ



ભરતભાઈ સુતરીયા અને ધારી તાલુકાની સ્પર્ધામાં ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.સ્પર્ધામાં ધોરણ ૬થી ૮, ધોરણ ૯ અને ૧૦ તથા ધોરણ ૧૧ અને ૧૨ એમ ત્રણ જૂથમાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચિત્ર અને વકૃત્વ સ્પર્ધામાં બાળકોએ વિકસિત ભારત તથા સુશાસન અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. તાલુકાકક્ષાના વિજેતાઓ તા. ૩ ઓક્ટોબરે અમરેલીની દીપક હાઈસ્કૂલ ખાતે યોજાનારી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

### ધારીના કરેણ ગામે સિંહણોનો સમૂહ



તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના કરેણ ગામે શિકારની શોધમાં એક સાથે ચાર જેટલી સિંહણો કેમેરામાં કેદ થઈ હતી. કરેણ ગામ નજીક સિંહણોનો સમૂહ હોવાનું ગ્રામજનો જણાવી રહ્યાં છે. રાત્રિ થતા જ સિંહણો શિકારની શોધમાં ગામમાં ઘુસી આવતી હોવીન પણ ઘટનાઓ બનવા પામે છે.

## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મેંદરડાની કોર્ટમાં

નં.જન્મ-મરણ નોંધણી અધિનિયમ કેસ નં.૮૮/૨૦૨૬

શ્રી ટાપરીયા મૂળુભાઈ અમરાભાઈ,
રહે. દાધીયા નેસ, તા.મેંદરડા

........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ડેડકડી, તા.મેંદરડા

.........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી આ નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, શ્રી ટાપરીયા મૂળુભાઈ અમરાભાઈ, રહે. દાધીયા નેસ, તા.મેંદરડાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૩ નાં રોજ મેંદરડા તાલુકાનાં દાધીયા નેસ ખાતે થયેલ છે. જેનાં જન્મ અંગેની નોંધણી રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી, ડેડકડી, મુ. મેંદરડાનાં રેકર્ડમાં થયેલ ન હોય, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી, ડેડકડીનાં જન્મ રજીસ્ટરમાં નોંધણી કરી આપવા માટે અરજદારશ્રીએ અત્રેની કોર્ટ સમક્ષ દાવા અરજી દાખલ કરેલ છે. આથી ઉપરોકત દાવા અરજી સામે જે કોઈ શખ્સને વાંધો કે તકરાર હોય તો મુદત તા.૨૯/૦૯/૨૦૨૬ નાં રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં પોતે જાતે અથવા અધિકૃત કુલમુખત્યાર અથવા અધિકૃત વકીલ મારફત અત્રેની કોર્ટ સમક્ષ બિનચુક હાજર રહી રજુઆત કરવાની રહેશે. હાજર રહેવામાં કસુર થયેથી અત્રેની કોર્ટ તરફથી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોધ લેવી.

આજે સનેઃ૨૦૨૬ નાં સપ્ટેમ્બર માસની ૨૬ મી તારીખે મારી સહી તથા કોર્ટનાં ગોળ સિકકા સાથે નોટીસ બહાર પાડવામાં આવી.

કોર્ટનો સિક્કો

સહી.
(એન.એન.વિસાણી)
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
મેંદરડા




# પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ ભૂપેન્દ્ર બસીયાનું બાબરામાં સન્માન કરાયું

અમરેલી, તા.૨૭

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના બક્ષીપંચ મોરચાના ઉપાધ્યક્ષ તરીકે બાબરાના ભૂપેન્દ્ર બસીયાની તાજેતરમાં વરણી થતાં તેમનો સન્માન સમારોહ યોજાયો હતો. સમારોહમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી, જિલ્લા



તસવીર : દિપક કનૈયા

બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજુ ભૂતીયા, મયુર માંજરિયા, ચેતન શિયાળ, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ મુકેશ ખોખરીયા, પૂર્વ નગરપાલિકા પ્રમુખ લલીત આંબલીયા, મહેશ જાવીયા સહિત બાબરા શહેર અને તાલુકા ભાજપના આગેવાનો તથા કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આગેવાનો દ્વારા ભૂપેન્દ્ર બસીયાને શાલ ઓઢાડી તથા પુષ્પહાર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું




## મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, મેંદરડાની કોર્ટમાં

નં.જન્મ-મરણ નોંધણી અધિનિયમ કેસ નં.૮૯/૨૦૨૬

શ્રી ટાપરીયા દેવાભાઈ મૂળુભાઈ,
રહે. દાધીયા નેસ, તા.મેંદરડા

........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રાર અને,
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ડેડકડી, તા.મેંદરડા

.........સામાવાળા

-:: જાહેર નોટીસ ::-

આથી આ નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, શ્રી ટાપરીયા દેવાભાઈ મૂળુભાઈ, રહે. દાધીયા નેસ, તા.મેંદરડાનો જન્મ તા.૧૪/૦૭/૧૯૯૪ નાં રોજ મેંદરડા તાલુકાનાં દાધીયા નેસ ખાતે થયેલ છે. જેનાં જન્મ અંગેની નોંધણી રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી, ડેડકડી, મુ. મેંદરડાનાં રેકર્ડમાં થયેલ ન હોય, રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી, ડેડકડીનાં જન્મ રજીસ્ટરમાં નોંધણી કરી આપવા માટે અરજદારશ્રીએ અત્રેની કોર્ટ સમક્ષ દાવા અરજી દાખલ કરેલ છે. આથી ઉપરોકત દાવા અરજી સામે જે કોઈ શખ્સને વાંધો કે તકરાર હોય તો મુદત તા.૨૯/૦૯/૨૦૨૬ નાં રોજ ૧૬:૦૦ કલાક સુધીમાં પોતે જાતે અથવા અધિકૃત કુલમુખત્યાર અથવા અધિકૃત વકીલ મારફત અત્રેની કોર્ટ સમક્ષ બિનચુક હાજર રહી રજુઆત કરવાની રહેશે. હાજર રહેવામાં કસુર થયેથી અત્રેની કોર્ટ તરફથી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોધ લેવી.

આજે સનેઃ૨૦૨૬ નાં સપ્ટેમ્બર માસની ૨૬ મી તારીખે મારી સહી તથા કોર્ટનાં ગોળ સિકકા સાથે નોટીસ બહાર પાડવામાં આવી.

કોર્ટનો સિક્કો

સહી.
(એન.એન.વિસાણી)
મામલતદાર અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ,
મેંદરડા



# જિલ્લામાં હાર્ટ એટેક સહિત વિવિધ બનાવમાં ૩ લોકોનાં મોત

**સાવરકુંડલામાં આર્થિક સંકડામણથી યુવકે મોત વ્હાલું કર્યું**

અમરેલી, તા.૨૭

અમરેલી જિલ્લામાં હાર્ટ એટેક સહિત વિવિધ અકસ્માત અને બનાવોમાં ૩ લોકોનાં મોત નિપજ્યાં હતાં.પ્રથમ બનાવમાં ધારીના ખોખરા મહાદેવ વિસ્તારમાં રહેતા વિપુલભાઈ નાનુભાઈ માથાસુળીયા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, વિજયભાઈ નાનુભાઈ માથાસુળીયા (ઉ.વ.૨૫) ઘરનો સામાન લેતા હતા ત્યારે બોટલનું ઢાંકણું ખુલતું ન હોવાથી મોઢા વડે ખોલવા જતાં અચાનક બોટલમાં રહેલી ઝેરી દવા મોઢામાં જતી રહી હતી. જેથી તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. બીજા બનાવમાં બગસરાના માવજંજવા ગામે રહેતા બાલુભાઈ બચુભાઈ ઢોલરીયા (ઉ.વ.૫૭)એ જાહેર કર્યા મુજબ, શિવાનીબેન ઉમેશભાઈ ઢોલરીયા (ઉ.વ.૨૩)ને હાર્ટ એટેક આવતાં તેમનું મરણ થયું હતું. યુવાન પરિણીતાના મોતને પગલે પરિવારજનો શોકમગ્ન થઈ ગયા હતા. ત્રીજા બનાવમાં સાવરકુંડલામાં રહેતા બાબુભાઈ બચુભાઈ બોરીસાગરે (ઉ.વ.૬૫) જાહેર કર્યા મુજબ, તેમના પુત્ર ધર્મેન્દ્રભાઈ બાબુભાઈ બોરીસાગર (ઉ.વ.૩૮) આર્થિક સંકડામણમાં રહેતા હોવાથી કંટાળીને પોતાની મેળે ઝેરી દવા પી જતાં તેમનું મરણ નીપજ્યું હતું.

# જનક તળાવીયાના પ્રયત્નોથી બાબરાના જામ બરવાળા ગામે સુવિધાપથ મંજૂર

બાબરા,તા.૨૭

બાબરા તાલુકાના જામ બરવાળા ગામે લાંબા સમયથી પ્રજાજનોની મહત્વપૂર્ણ માંગ રહેલી આંતરિક માર્ગ સુવિધા માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૫૦ લાખના ખર્ચે જુનવદર રોડને જોડતો સુવિધાપથ (સી.સી. રોડ) મંજૂર કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ વિકાસ કાર્ય માટે સ્થાનિક ધારાસભ્ય જનક તળાવીયાની સતત રજૂઆત કરી હતી. ગામના ખેડૂતો, વિદ્યાર્થીઓ તેમજ વેપારીઓને વર્ષોથી ખરાબ માર્ગોના કારણે અવરજવર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. ખાસ કરીને વરસાદી ઋતુ દરમિયાન કાચા તથા જર્જરિત રસ્તાઓ કારણે રોજિંદી આવાગમન, શાળા-કોલેજ, આરોગ્ય સેવા તથા ખેતી સંબંધિત વાહન વ્યવહાર અસરગ્રસ્ત થતો હતો. આ સમસ્યાને ધ્યાનમાં રાખી ધારાસભ્ય જનક તળાવીયાએ



સરકાર સમક્ષ વારંવાર રજૂઆત કરી હતી. આ માર્ગ બનવાથી ગામના આંતરિક રસ્તાઓ મજબૂત બનશે, ટ્રાફિક સુવ્યવસ્થિત થશે અને ગ્રામજનોને વર્ષો સુધી ટકાઉ અને સુરક્ષિત માર્ગ સુવિધા પ્રાપ્ત થશે. ધારાસભ્ય જનક તળાવીયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "જામ બરવાળા ગામે આ સી.સી. રોડ ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આવનારા સમયમાં પણ બાબરા તાલુકાના દરેક ગામના વિકાસ માટે હું સતત પ્રયત્નશીલ રહીશ."

# રાજુલામાં બેફામ ઈનોવા ચાલકને ૪૦ કિમી પીછો કરી પોલીસે ઝડપી પાડયો

રાજુલા,તા.૨૭

રાજુલા ટાઉન વિસ્તારમાં પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ઈનોવા ચલાવી મોટરસાયકલને અડફેટે લીધા બાદ ફરાર થયેલા ચાલકને પોલીસે ઝડપી પાડ્યો છે. તા.૨૬ના રોજ મોડી રાત્રે રાજુલા બસ સ્ટેશન પાસેથી ઈનોવા નંબર GJ-૧૪-AT-૦૨૫૨ પસાર થઈ હતી. બનાવની જાણ થતા રાજુલા પોલીસ તથા ૧૧૨ની ટીમે આશરે ૪૦ કિમી સુધી પીછો કરી વાહન



અટકાવી ચાલક પ્રદીપ મંગળુભાઈ ધાખડા, ઉંમર ૨૪, રહે. દુર્લભનગર, રાજુલાની ધરપકડ કરી હતી. તેના વિરૂધ્ધ BNSની કલમો હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ 'કા રાજા' દ્વારા વિવિધ ક્ષેત્રના સેવાભાવીઓનો ભવ્ય સન્માન સમારોહ યોજાયો

રાજુલા,તા.૨૭

રાજુલા શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ 'કા રાજા' દ્વારા સૌપ્રથમવાર એક જ મંચ પર સમાજના વિવિધ અગ્રણીઓ માટે વિશેષ સન્માન સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સમાજસેવા, શિક્ષણ, આરોગ્ય, ગૌસેવા તથા ધાર્મિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓનું સન્માન કરવામાં



તસવીર : ગોપાલ રાઠોડ

આવ્યું હતું. જેમાં નિમેષભાઈ ઠાકરે સ્વાગત પ્રવચન કર્યું હતું અને યુવરાજભાઈ ચાંદુએ પરિષદનો પરિચય આપ્યો હતો. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય અમરીશ ડેર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમારોહમાં મારુતિ ધામના મહંત ભાવેશ બાપુ, બી.એ.પી.એસ., બ્રહ્માકુમારી, સ્થાનિક ગૌશાળાઓ, આર.એસ.એસ., ગાયત્રી શક્તિપીઠ તેમજ રાજુલા પોલીસ, ૧૦૮ સેવા, સરકારી હોસ્પિટલ અને વિવિધ સામાજિક-ધાર્મિક મંડળોના અગ્રણીઓનું અભિવાદન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન નિકુંજ પંડિતે અને આભારવિધિ ચિરાગભાઈ જોશીએ સંપન્ન કરી હતી.

# અમરેલીમાં "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ' અંતર્ગત રંગોળી સ્પર્ધા યોજાશે

અમરેલી,તા.૨૭

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, અમરેલી દ્વારા "સેવાના રંગ, રાષ્ટ્રના સંગ" અંતર્ગત રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં વ્યક્તિગત અને ગ્રુપ એમ બે વિભાગ રાખવામાં આવ્યા છે. વિકસિત ભારત@૨૦૪૭, મેક ઈન ઈન્ડિયા સહિતની આઠ થીમમાંથી કોઈ એક પર, માત્ર કુદરતી સામગ્રી વાપરીને રંગોળી તૈયાર કરવાની રહેશે. વિજેતાઓને રૂ. ૨,૫૦૦ થી ૧૫,૦૦૦ સુધીના પુરસ્કારો અપાશે. ભાગ લેવા ઈચ્છુકોએ આપેલ લિંક પર રજીસ્ટ્રેશન કરી, તૈયાર કૃતિ તારીખ ૩ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સવારે ૧૦ કલાકે વિધાનસભા સંકુલ, લાઠી રોડ, અમરેલી ખાતે લાવવાની રહેશે, તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરના શતાબ્દી મહોત્સવ અંતર્ગત આંબરડીમાં રમતોત્સવ

સાવરકુંડલા,તા.૨૭

સાવરકુંડલાની ૧૦૦ વર્ષ જૂની સંસ્થા કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિરના શતાબ્દી મહોત્સવ અંતર્ગત આંબરડી ગામે રમતોત્સવ યોજાયો હતો. કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર અને આંબરડી માધ્યમિક શાળાના સંયુક્ત ઉપક્રમે તા.૨૬ સપ્ટેમ્બરના રોજ યોજાયેલા



કાર્યક્રમમાં ધોરણ ૫થી ૧૨ના ૩૦૦ વિદ્યાર્થીઓએ વિઘનદોડ અને સંગીત ખુરશીની સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગામના સિનિયર સિટીઝનો માટે કોથળા દોડની સ્પર્ધા પણ યોજવામાં આવી હતી. કેતનભાઈ ખુમાણના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય મુકેશભાઈ માલવિયા, મેનેજિંગ ટ્રસ્ટી દીપકભાઈ માલાણી, ભાવિનભાઈ અજમેરા અને અક્ષયભાઈ પંડયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલાના કોટડી ગામે પુરુષને છરીના ઘા ઝીકાયા

**બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી**

રાજુલા, તા.૨૭

રાજુલાના કોટડી ગામે એક પુરુષને છરીના ઘા મારવામાં આવ્યા હતા. આ અંગે બંને પક્ષોએ સામસામે ફરિયાદ નોંધાવી હતી.પ્રથમ પક્ષે ભુપતભાઈ વીરાભાઈ મકવાણા (ઉ.વ.૫૦)એ લાલભાઈ કિશોરભાઈ વરૂ તથા રવિભાઈ હરેશભાઈ વરૂ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ તથા સાહેદ હરેશભાઈ પોતાની વાડીએથી ઘર તરફ આવતા હતા, તે દરમિયાન સામેથી લાલભાઈ વરૂની ટુ-વ્હીલર આવતા હરેશભાઈએ પોતાની ટુ-વ્હીલર સાઈડમાં દબાવી દીધી હતી. આ બાબતે ઉશ્કેરાઈ જઈ આરોપીઓ સાહેદ હરેશભાઈ સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા. જેથી તેમને બોલાચાલી કરતા રોકતા આરોપીઓ ગાળો દેવા લાગ્યા હતા. આથી તેઓ અને સાહેદ હરેશભાઈ ત્યાંથી નીકળી ગયા હતા. ત્યારબાદ બંને આરોપીઓએ અગાઉ થયેલી બોલાચાલીનો રાગદ્વેષ રાખી હરેશભાઈને છરી વડે ડાબા પડખા, ખભા અને જમણા હાથના અંગૂઠાના ભાગે ઘા મારી જીવલેણ ઈજાઓ પહોંચાડી હતી. તેમજ ફરિયાદીને પણ છરીથી ડાબા પગે ઈજા પહોંચાડી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.સામા પક્ષે પ્રકાશભાઈ ઉર્ફે ભયલુભાઈ કિશોરભાઈ વરૂ (ઉ.વ.૫૦)એ હરેશભાઈ ખોડાભાઈ મકવાણા તથા ભુપતભાઈ વીરાભાઈ મકવાણા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈ લાલભાઈ પોતાનું મોટરસાયકલ લઈને જતા હતા તે દરમિયાન કોટડી ગામે બસ સ્ટેન્ડ પાસે આરોપીઓએ તેમના ભાઈ તરફ મોટરસાયકલ નાખ્યું હતું. જે બાબતે બોલાચાલી થતાં આરોપીઓએ તેમના ભાઈ લાલભાઈને ગાળો આપી તેમજ છરી વડે છાતી, પેટ, પડખાં તથા ડાબા પગના સાથળના ભાગે એમ ચાર જીવલેણ ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.બનાવ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના પી.આઈ. વી.એમ. કાલોદરા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: ભાદરવા વદ બીજ
તા.૨૮-૦૯-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૧૨,
સૂર્યાસ્ત-૦૬:૧૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: રેવતી

## દૈનિક રાશિફળ

**તા.૨૮-૦૯-૨૦૨૬ સોમવાર**

મેષ: આજે તમે તમારી સમજણ દ્વારા કોઈપણ પરિસ્થિતિમાં સુમેળ જાળવી શકશો. બને એટલું જ કામ કરવા તૈયાર રહો. વ્યવહારિક દૃષ્ટિકોણ રાખો.

વૃષભ: આજનો દિવસ કૌટુંબિક અને આર્થિક બંને દ્રષ્ટિએ શુભ છે. દિનચર્યાને વ્યવસ્થિત રાખવા માટે ફક્ત તમારી જાતને અવલોકન કરો.

મિથુન: આજનો દિવસ તમારા મનના કાર્યોમાં પસાર થશે. તમારા પરિવાર સાથે વધુ સમય પસાર કરવાનો પ્રયાસ કરો. ઘરમાં કોઈ ધાર્મિક આયોજન પણ શક્ય છે.

કર્ક: નાણાકીય યોજનાઓ પણ સફળ થશે. તમારા મનમાં નવી યોજનાઓ આવી શકે છે. વધારે કામ અને થાકને કારણે ચીડિયાપણું પ્રવર્તી શકે છે.

સિંહ: આજે તમે શારીરિક અને માનસિક રીતે ઉર્જાવાન અનુભવ કરશો. આ સમયે તમે તમારા લક્ષ્યો અને કાર્યોને પ્રાથમિકતા આપો.

કન્યા: આજે ગ્રહોની સ્થિતિ થોડી અનુકૂળ રહેશે. ઘરની સુખ-સુવિધાઓ સંબંધિત જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તમે વિશેષ પ્રયત્નો કરશો.

તુલા: સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહી શકો છો. થોડા લોકો તમારા કામમાં ખલેલ પહોંચાડી શકે છે, પરંતુ કોઈની ચિંતા કર્યા વગર તમે તમારા મન પ્રમાણે કામ પર ધ્યાન આપો.

વૃશ્ચિક: સામાજિક પ્રવૃત્તિઓમાં તમારું નિ:સ્વાર્થ યોગદાન તમને આધ્યાત્મિક સુખ આપશે. પ્રતિષ્ઠિત લોકો સાથે પણ લાભદાયક સંપર્ક થશે.

ધન: આજે તમે નજીકના લોકો સાથે મુલાકાત અને મનોરંજન સંબંધિત પ્રવૃત્તિઓમાં આનંદપૂર્વક સમય પસાર કરશો. કોઈ ખાસ સમસ્યાનો ઉકેલ પણ મળી શકે છે.

મકર: તમે તમારા કાર્યોને નવો આકાર આપવા માટે વધુ સર્જનાત્મક અભિગમ અપનાવશો અને સફળતા પણ પ્રાપ્ત કરશો. નજીકના સંબંધીના ઘરે આવવાથી પરિવારમાં ખુશીનું વાતાવરણ રહેશે.

કુંભ: દિવસની શરૂઆતમાં કાર્યોનું આયોજન કરવામાં થોડી મુશ્કેલી આવી શકે છે. પરંતુ બપોરે ગ્રહોની સ્થિતિ અનુકૂળ રહેશે અને કામમાં ઝડપ આવશે.

મીન: તમારી જીવનશૈલીને નવો આકાર આપવા માટે કેટલીક રચનાત્મક પ્રવૃત્તિઓમાં સમય પસાર થશે. વિદ્યાર્થીઓને કોઈપણ સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓમાં સફળતા મળી શકે છે.

# અમરેલીમાં યુવકનું અપહરણ કરી સૃષ્ટિ વિરુધ્ધનું કૃત્ય:માર મારી વીડિયો ઉતાર્યો

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

અમરેલી, તા.૨૭

અમરેલીમાં બદનામી કરતી વાતો ફેલાવવાની શંકાના આધારે એક યુવકનું અપહરણ કરી, તેને માર મારી અકુદરતી કૃત્ય આચરવા તેમજ તેનો વીડિયો બનાવી જાનથી મારી નાખવાની ધમકી આપવાના ગંભીર બનાવ અંગે બે શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.આ અંગે ફરિયાદીએ બળવંતભાઈ કાળુભાઈ રાઠોડ તથા હિરલભાઈ સંજયભાઈ ગોંડલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ, આરોપીઓને શંકા હતી કે ફરિયાદી યુવક ગામમાં તેમના વિશે વાતો ફેલાવી બદનામી કરી રહ્યો છે. આ બાબતનું મનદુઃખ રાખી બંને આરોપીઓએ તેને બુલેટ પર બેસાડી રંગપુર રોડ પર આવેલા નીલકંઠ ફાર્મની સામે નદીના પટમાં આવેલી એક અવાવરૂ જગ્યાએ લઈ ગયા હતા.ત્યાં પહોંચ્યા બાદ આરોપીઓએ તેની સાથે ગાળાગાળી કરી ઢીકાપાટુંનો માર માર્યો હતો તેમજ એક આરોપીએ પીઠના ભાગે પથ્થર મારી ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ એક આરોપીએ તેની સાથે બળજબરીપૂર્વક સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય આચર્યું હતું, જ્યારે બીજા આરોપીએ આ સમગ્ર કૃત્યનો પોતાના મોબાઈલ ફોનમાં વીડિયો ઉતાર્યો હતો. આ ઘૃણાસ્પદ કૃત્ય બાદ બંને આરોપીઓએ બનાવ અંગે કોઈને પણ જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# રાજુલાના દાતરડીમાં સેવા સેતુ કાર્યક્રમ યોજાયો, ગ્રામજનોએ સેવાનો લાભ લીધો

અમરેલી,તા.૨૭

રાજુલા તાલુકાના દાતરડી ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો. દાતરડી ક્લસ્ટરમાં ચાંચ, ખેરા, પટવા, રાભડા, દાતરડી, વિસળીયા, કથીવદર, મજાદર, વિક્ટર, જોલાપર, પીપાવાવ, નિંગાળા-૧ અને સમઢિયાળા-૧ સહિત ૧૩ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં ગ્રામજનોએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ સરકારી યોજનાઓનો લાભ લીધો હતો. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તથા નિરાધાર વૃધ્ધ સહાય યોજના હેઠળ પાત્ર લાભાર્થીઓને સ્થળ પર જ મંજૂરી હુકમો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત આવકના પ્રમાણપત્ર, રેશનકાર્ડ, જન્મ-મરણના દાખલા અને આધારકાર્ડ સહિતની સેવાઓ પણ સ્થળ પર ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સરકારી વહીવટ પ્રજાના ઘરઆંગણે પહોંચાડવાના હેતુથી યોજાયેલો આ કાર્યક્રમ સફળ રહ્યો હતો.

# ચલાલા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સર્વજ્ઞાતિય સમૂહલગ્ન યોજાશે

અમરેલી,તા.૨૭

અમરેલી જિલ્લાના ચલાલા ખાતે યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત 'ગાયત્રી સંસ્કાર ધામ' દ્વારા ધારી રોડ પર આવેલા ગાયત્રી સંસ્કાર કેન્દ્ર ખાતે ૨૩મા સર્વજ્ઞાતિય અને સર્વધર્મ સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સંતો-મહંતો તેમજ વિદેશથી આવનાર ખાસ મહેમાનો ઉપસ્થિત રહી નવદંપતીઓને આશીર્વાદ આપશે. કાર્યક્રમમાં તમામ મહેમાનો માટે ભોજન



અને ઉતારાની ઉત્તમ વ્યવસ્થા રાખવામાં આવી છે. આ લગ્નોત્સવમાં જોડાનાર દરેક દીકરીને દાતાઓ તરફથી કરિયાવર રૂપે ૧૩૦થી વધુ ચીજવસ્તુઓ ભેટ અપાશે.આ સમૂહ લગ્નમાં જોડાવા માટે કન્યાની ઉંમર ૧૮ વર્ષ અને વરરાજાની ઉંમર ૨૧ વર્ષ પૂર્ણ હોવી જરૂરી છે. અહીં માત્ર પ્રથમ વખત લગ્ન કરનારાઓને જ પ્રવેશ અપાશે, જ્યારે લવ મેરેજ કરનારાઓનો સમાવેશ થશે નહીં. નોંધણી 'વહેલા તે પહેલા'ના ધોરણે થશે. રસ ધરાવતા ઉમેદવારોએ જન્મ તારીખનો અસલ દાખલો, ઓળખકાર્ડ, બે પાસપોર્ટ સાઈઝ ફોટા અને વાલીના ઓળખકાર્ડ સાથે સંસ્થા ખાતે રૂબરૂ નોંધણી કરાવવાની રહેશે.

# વિક્ટર ગામે 'પોષણ આંગણ ઉત્સવ-૨૦૨૬'ની ઉજવણી

રાજુલા,તા.૨૭

રાજુલા તાલુકાના વિક્ટર ગામે 'પોષણ આંગણ ઉત્સવ-૨૦૨૬' અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. કાર્યક્રમમાં રાજુલા તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રેખાબેન કમલેશભાઈ મકવાણા તથા વિક્ટર ગામના સરપંચ પરિતાબેન મહેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. સગર્ભા માતાઓને પોષણ અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. માતૃશક્તિ અને કુપોષિત બાળકો માટે બાલભોગનું આયોજન કરાયું હતું. પોષણને લગતી વિવિધ



વાનગીઓની સ્પર્ધા સહિતની હરીફાઈઓ યોજાઈ હતી. કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર, તેડાગર, આશા વર્કર બહેનો તેમજ બંને ઘટકના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. બાળકો અને સગર્ભા માતાઓના પોષણ તથા આરોગ્ય અંગે માહિતી અપાઈ હતી. વિવિધ પ્રવૃત્તિઓ બાદ કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

## તંત્રી લેખ

# મતદાર યાદી એટલે લોકશાહીનું સરનામું

લોકશાહીમાં સૌથી મોટી તાકાત બંદૂક કે નોટની નથી, પરંતુ મતદાર યાદીમાં નોંધાયેલું તમારું નામ છે. મતદાર યાદીમાં નામ હોવું એટલે દેશના લોકશાહી વ્યવસ્થામાં પોતાની ભાગીદારીનો અધિકાર હોવો. ચૂંટણી સમયે નેતાઓ સભાઓ કરે, વચનો આપે અને પ્રચાર કરે, પરંતુ આ સમગ્ર પ્રક્રિયાની શરૂઆત મતદાર યાદીથી થાય છે. જો યાદીમાં જ ભૂલ હોય તો લોકશાહીના પાયાને અસર થાય છે. તાજેતરમાં ભારતના ચૂંટણી પંચે દિલ્હીમાં ઉચ્ચ સ્તરની બેઠક યોજી હતી, જેમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સહિત બંને ચૂંટણી કમિશનરો હાજર રહ્યા હતા. એસઆઈઆર એટલે કે ખાસ સઘન સુધારણા પ્રક્રિયાને લઈને વિવિધ સવાલો અને અટકળો વચ્ચે ત્રણેય કમિશનરોની બેઠક અને તેમની એકસાથે જાહેર કરાયેલી તસવીરથી ચૂંટણી પંચના કામકાજમાં એકતા અને સહમતીનો સંદેશ આપવામાં આવ્યો હતો. એસઆઈઆરની કામગીરી દરમિયાન કેટલાક સાચા મતદારોના નામ યાદીમાંથી કમી થવાની સમસ્યા સામે આવી હતી. સરનામું બદલાવું, ડબલ એન્ટ્રી થવી અથવા અન્ય કારણોસર નામ દૂર થઈ શકે છે. સામાન્ય નાગરિક માટે ફરી નામ ઉમેરાવવા કચેરીના ધક્કા ખાવા, ફોર્મ ભરવા અને જરૂરી દસ્તાવેજો રજૂ કરવા મુશ્કેલ બની શકે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો, રોજમજૂરો, વૃધ્ધો અને ઘરકામ કરતી મહિલાઓ માટે આ પ્રક્રિયા મુશ્કેલીરૂપ બની શકે છે. આ પરિસ્થિતિમાં બૂથ લેવલ ઓફિસર એટલે કે બીએલઓની ભૂમિકા મહત્વપૂર્ણ બને છે. નામ કમી થયેલા મતદારોને ફરીથી નામ ઉમેરાવવા માટે જરૂરી પ્રક્રિયામાં મદદ મળી શકે છે. બીએલઓ ઘરે ઘરે જઈ જરૂરી દસ્તાવેજો તપાસી શકે અને પ્રક્રિયાને સરળ બનાવી શકે છે. ઓનલાઈન અરજી કે ફોર્મ ભરવામાં મુશ્કેલી અનુભવતા લોકો માટે આ વ્યવસ્થા ઉપયોગી બની શકે છે. નવા મતદાર તરીકે નામ નોંધાવવા માટે ફોર્મ-૬ મહત્વનું છે. તેમાં જરૂરી ડિક્લેરેશન આપવાનું હોય છે. આ અંગે કાનૂની પ્રશ્નો પણ ઊભા થયા હતા, પરંતુ સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ પ્રક્રિયા અંગે સ્થિતિ સ્પષ્ટ બની છે. ચૂંટણી પંચનો મુખ્ય હેતુ મતદાર યાદીમાં બોગસ નામો ન રહે અને કોઈ સાચો મતદાર પોતાના મતાધિકારથી વંચિત ન રહે તેવો છે. ચૂંટણીની પારદર્શિતા માટે મતદાર યાદીની ચોકસાઈ અત્યંત જરૂરી છે. મૃત્યુ પામેલા વ્યક્તિનું નામ ચાલુ રહે, સ્થળાંતર કરી ગયેલા વ્યક્તિનું નામ એકથી વધુ સ્થળે હોય અથવા ખોટી રીતે નામ ઉમેરાય તો ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતા પર પ્રશ્ન ઊભો થઈ શકે છે. તેથી મતદાર યાદીનું સતત સુધારણું લોકશાહી માટે આવશ્યક છે. આ પ્રક્રિયામાં નાગરિકોની પણ જવાબદારી છે. બીએલઓ ઘરે આવે ત્યારે જરૂરી દસ્તાવેજો સાથે સહકાર આપવો જોઈએ. પરિવારના સભ્યોના નામ મતદાર યાદીમાં છે કે નહીં તેની ચકાસણી કરવી જોઈએ. ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવક-યુવતીનું નામ મતદાર યાદીમાં નોંધાવવું જોઈએ. એક મત નાનો લાગે, પરંતુ લાખો મત ભેગા થઈને લોકશાહીની દિશા નક્કી કરે છે. મતદાર યાદી માત્ર સરકારી ચોપડો નથી, પરંતુ નાગરિકના લોકશાહી અધિકારનું રજિસ્ટર છે. તેમાં તમારું નામ હોવું એટલે દેશના ભવિષ્યના નિર્માણમાં તમારી ભાગીદારી હોવી.

# “આપણા સમાજની કુટુંબ વ્યવસ્થામાં પણ નવી પેઢીને સારા મૂલ્યો પૂરા પાડવાની જોગવાઈ છે”

**પુષ્પ : ૩૯**

વિચારપૂંજ
સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક
(રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)



ઈ.સ. ૨૦૧૩ ના વિજયાદશમીના ઉત્સવમાં બૌધ્ધિક આપતા શ્રી મોહનજી ભાગવતે કહ્યું કે, આપણા સમાજની કુટુંબ વ્યવસ્થામાં પણ નવી પેઢીને સારા મૂલ્યો પૂરા પાડવાની જોગવાઈ છે. તેથી આ દિશામાં પોતાની કુટુંબવ્યવસ્થાનો અભ્યાસ કરવાની અને તેનું પાલન કરવાની ઈચ્છા આજે સમગ્ર વિશ્વમાં દેખાય છે. પરંતુ તેના મહત્વને બિલકુલ સમજ્યા વિના વિવિધ બિનજરૂરી કાયદાઓ રજૂ કરીને પરિવારમાં વ્યક્તિઓના આર્થિક સંબંધોને બદલવાના પ્રયાસો કરવામાં આવ્યા છે. ભલે તે સારા ઈરાદા સાથે કરવામાં આવ્યું હોય પણ તેની પાછળનો વિચાર ચોક્કસપણે એ બાબતનો અભાવ દર્શાવે છે કે કુટુંબવ્યવસ્થા સમાજમાં સામાજિક સુરક્ષા અને સામાજિક સાહસ માટે કેવી રીતે એક મહત્વપૂર્ણ સાધન રહી છે. હિન્દુ સમાજની અવગણના કરવાની પ્રક્રિયા બેશરમીથી ચાલી રહીછે. આ માનસિકતાના આધારે કોમી પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ-૨૦૧૧ ના નામે તમામ પ્રકારની ગેરકાયદેસર જોગવાઈઓ લાગુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. બંધારણના માર્ગદર્શનને અવગણીને સાંપ્રદાયિક ધોરણે અનામત આપવાની જોગવાઈઓ કરવામાં આવી હતી. જે લોકો કરદાતાઓના પૈસા આવી ભેદભાવપૂર્ણ યોજનાઓ અને ભ્રષ્ટાચાર પર વેડફે છે. તેઓ દેશના ખાલી ખજાના ભરવા માટે હિન્દુ મંદિરોમાંથી સોનું મેળવવાનું પસંદ કરે છે. હવે સમગ્ર જનતાનો વિશ્વાસ પર્યાવરણીય સંરક્ષણ, દરિયાઈ સરહદ સુરક્ષા, થોરિયમ જેવી કિંમતી અને દુર્લભ ધાતુઓના કુદરતી ભંડારોનું રક્ષણ, દરિયાકાંઠાના લોકોને રોજગાર વગેરે આ બધાને અપમાનજનક રીતે અવગણવામાં આવી રહ્યા છે અને સરકાર દ્વારા જ નિયુક્ત સમિતિની ભલામણોને પણ અવગણવામાં આવી રહી છે.

કેન્દ્ર સરકારમાં બેઠેલા લોકો સત્તાના સ્વાર્થ માટે રામસેતુ તોડીને સેતુ સમુદ્રમ પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે ઉત્સુક છે. આ દેશની બધી પરિસ્થિતિઓ દેશવાસીઓના જીવનને દરરોજ અને દરેક ક્ષણે અસર કરે છે. જે મતદારો રાજકીય પક્ષો અને નેતાઓને ચૂંટીને સત્તામાં મોકલે છે તે આપણે બધા સામાન્ય લોકો છીએ. તેથી પરિસ્થિતિની ચર્ચા ડરવા માટે નહીં પરંતુ પગલાં લેવા માટે કરવી જોઈએ. આપણા

દેશમાં સામાજિક માળખાનું સૌથી નાનું અને છેલ્લું એકમ જેમાં સમાજનું સંપૂર્ણ સ્વરૂપ સમાયેલું છે તે પરિવાર માનવામાં આવે છે. સમાજમાં જે પરિવર્તનની જરૂર છે તેની શરૂઆત આપણે આપણા પોતાના પરિવારના વર્તન અને વાતાવરણમાં સુધારો કરીને કરવી જોઈએ. વ્યક્તિના પોતાના પારિવારિક જીવનમાં સરળતા, પવિત્રતા, આત્મીયતા વગેરે જોઈ શકાય છે. ચાલો, આપણે આપણા પરિવારોની મહિલાઓને સામાજિક રીતે પ્રબુધ્ધ અને સક્રિય બનાવીએ. આપણા પરિવારના સભ્યોએ ઊર્જા, પાણી વગેરે બચાવવા પર્યાવરણીય સંરક્ષણ, સ્વદેશી ઉત્પાદનોનો ઉપયોગ અને અન્ય કારણોસર પરિવારના સંપર્કમાં આવતા તમામ લોકો પ્રત્યે સૌહાર્દપૂર્ણ, આદરપૂર્ણ અને ન્યાયી વર્તનનું ઉદાહરણ બેસાડવું જોઈએ. દરેક વ્યક્તિના વિચારો, વર્તન અને વાતચીત એ રિવાજો, ખરાબ પરંપરા, અંધશ્રધ્ધા, જાતિ, સંપ્રદાય, જૂથ, ભાષા અને પ્રાંતના આધારે ભેદભાવોથી મુક્ત હોવા જોઈએ અને સુમેળભર્યા હૃદયથી કોઈ પણ અહંકાર વિનાના હોવા જોઈએ. આપણું કર્તવ્ય છે કે આપણું કુટુંબ પડોશના રહેવાસીઓના સુખ-દુઃખમાં સંવેદનશીલ અને સક્રિય રહીને અનુકરણીય સામાજિક આચરણની પ્રેરણા અને ઉદાહરણ બને. દેશ અનેક જટિલ અને વિશાળ પડકારોનો સામનો કરી રહ્યો છે તેને દૂર કરવા માટે આપણે આપણી શક્તિને જાગૃત કરવી પડશે અને આપણા શ્રેષ્ઠ પ્રયાસો કરવા પડશે. કારણ કે લોકશાહી વ્યવસ્થામાં જેમને રાષ્ટ્રનું રક્ષણ અને સંવર્ધન કરવાની જવાબદારી સોંપવામાં આવે છે તેમની ક્ષમતાઓ પર જ સવાલ ઉઠ્યા છે. તેમના હેતુઓ પર પણ સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. તેથી ચાલો, આપણે આપણા અંગત જીવનને મજબૂત બનાવવા અને આપણા જીવનને સુધારવાની શરૂઆત કરીએ. આપણી દિનચર્યામાં શારીરિક, માનસિક અને બૌદ્ધિક શક્તિ વધારવાનો આપણે દરરોજ અભ્યાસ કરવો જોઈએ. અધિકૃત અને નિષ્પક્ષ સ્રોતોમાંથી સચોટ માહિતી મેળવીને આપણા દેશ ભારતનો ભૂતકાળ, ગૌરવ અને વર્તમાનનો સાચો ઈતિહાસ મેળવો.

દેશના ભવિષ્ય અંગે ત્યાગી અને નિઃસ્વાર્થ મહાપુરુષોના વિચારો અને આપણા કર્તવ્ય અંગેના તેમના ઉપદેશોનું પાલન કરીએ. ચાલો, આપણે પ્રતિજ્ઞા લઈએ કે સખત મહેનત દ્વારા આપણી ક્ષમતાઓમાં વધારો કરીને અને જીવનમાં તમામ પ્રકારની સફળતા અને વિજય પ્રાપ્ત કરીને આપણે તેનો ઉપયોગ સમાજના હિતમાં દાન અને સેવા માટે કરીશું. દેશના નિયમો અને કાયદાઓનું પાલન થાય તે સુનિશ્ચિત કરવાની જેટલી જવાબદારી સરકાર અને વહીવટી તંત્રની છે તેટલી જ જવાબદારી સમાજની પણ છે કે તે રોજિંદા જીવનમાં સ્વ-પ્રેરણા સાથે તે નિયમો અને કાયદાઓનું, શિસ્તનું પાલન કરે. ભ્રષ્ટાચારથી મુક્ત શુધ્ધ સામાજિક જીવન પણ અહીંથી શરૂ થાય છે. બંધારણના દાયરામાં રહીને અયોગ્ય નિયમો અને કાયદાઓમાં ફેરફાર કરવા માટે વિરોધ વગેરેનો અધિકાર પણ લોકોને આપવામાં આવ્યો છે. તેથી આપણે સમાજમાં આપણી બધી નાગરિક ફરજો પૂર્ણ કરવાની અને નિયમો, વ્યવસ્થાઓનું સંપૂર્ણ પાલન કરવાની આદત પાડવા માટે આપણાથી શરૂઆત કરવી પડશે.

સ્વસ્થ જીવન જીવવું એ માણસનો અધિકાર છે. પરંતુ માણસે પોતાના સ્વાર્થી વલણથી ઘણી સમસ્યાઓ ઊભી કરી છે. આમાં પર્યાવરણીય સમસ્યા એક મોટી સમસ્યા છે જે આજે વૈશ્વિક સ્તરે ઉભરી આવી છે. આપણી સંસ્કૃતિ પોષણ શીખવે છે, જ્યારે પશ્ચિમી વિચાર શોષણને સમર્થન આપે છે. આ પૃષ્ઠભૂમિમાં પાણી, લોકો, જમીન અને પ્રાણીઓ વિશે વિચારવાની જરૂર છે.

આપણે ફક્ત સમસ્યાનો જવાબ શોધવાનો નથી પણ કોઈ નવી સમસ્યા ઊભી ન થાય તેનું પણ ધ્યાન રાખવું પડશે. સમાજમાં સમાનતા હોવી જોઈએ અને સમાજ ભેદભાવથી મુક્ત હોવો જોઈએ.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જાતિ, ભેદભાવ, પ્રાદેશિકતા અને પૂજાથી ઉપર ઊઠીને કામ કરવા માંગે છે. જેથી સમાજમાં એવી વિભાવના ઊભી થાય કે આપણે હિન્દુ છીએ. આ રીતે શ્રી મોહનજી ભાગવતે પર્યાવરણ સંતુલિત અને સમૃધ્ધ હોવું જોઈએ એ વિષય ઉપર અહીં ખાસ ભાર મૂક્યો છે. આ ઉપરાંત આપણા સૌની સામાજિક જવાબદારી પ્રત્યેની સભાનતા તરફ પણ સૌનું ધ્યાન દોર્યું છે.

# સલાહ બધાની સાંભળવી, નિર્ણય પોતાની સમજથી જ લેવો

જીભ ચલાવવી અને જીવન ચલાવવામાં ઘણો ફરક છે... “જીવનમાં સલાહ આપનારા ઘણા મળશે, પણ એ સલાહના પરિણામો ભોગવનાર આપણે જ હોઈશું.”

માણસ સામાજિક પ્રાણી છે. જીવનના દરેક તબક્કે તેને કોઈને કોઈની સલાહ મળતી રહે છે. ક્યારેક પરિવાર તરફથી, ક્યારેક મિત્ર તરફથી, ક્યારેક સંબંધીઓ તરફથી તો ક્યારેક એવા લોકો તરફથી પણ, જેમને આપણા જીવનની હકીકતનો પૂરો ખ્યાલ પણ નથી હોતો. સલાહ આપવી સહેલી છે, પરંતુ સલાહ પ્રમાણે જીવન જીવવું એટલું સહેલું નથી. એટલે જ જીવનમાં એક વાત યાદ રાખવી જોઈએ કે બધાની બધી સલાહ માનવી જરૂરી નથી. દરેકની વાત સાંભળવી એ સંસ્કાર છે, પરંતુ દરેકની વાત માની લેવી એ સમજદારી નથી. કારણ કે જીભ ચલાવવી અને જીવન ચલાવવામાં જમીન-આસમાનનો ફરક છે. એક વ્યક્તિ આપણને કહે, “ધંધો શરૂ કરી દો, બહુ પૈસા છે.” બીજી વ્યક્તિ કહે, “નોકરી જ સારી છે.” બંને પોતાની જગ્યાએ સાચા હોઈ શકે, પરંતુ આપણું જીવન, આપણી આર્થિક સ્થિતિ, પરિવારની જવાબદારી, જોખમ લેવાની ક્ષમતા અને ભવિષ્યની

મનન ચિંતન

ભરત બાવીશી

જરૂરિયાતો આપણને જ ખબર હોય છે. એટલે અંતિમ નિર્ણય પણ આપણે જ વિચારપૂર્વક લેવો જોઈએ.

એક નાનકડું ઉદાહરણ...

એક યુવાને સારી નોકરી છોડીને ધંધો શરૂ કરવાનો વિચાર કર્યો. મિત્રોએ કહ્યું, “તારા માટે ધંધો યોગ્ય નથી.” કેટલાકે કહ્યું, “નોકરીમાં જ સલામતી છે.” પરંતુ તેણે પોતાની ક્ષમતા, મૂડી અને અનુભવનું મૂલ્યાંકન કર્યું. શરૂઆતમાં મુશ્કેલીઓ આવી, નુકસાન પણ થયું, પરંતુ ધીરજ અને મહેનતથી ધીમે ધીમે ધંધો ઊભો કર્યો. અહીં મુદ્દો એ નથી કે ધંધો કરવો કે નોકરી કરવી. મુદ્દો એ છે કે બીજાની સલાહ સાંભળ્યા પછી પોતાના સંજોગોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે.

જીવનમાં સૌથી મોટી ભૂલ ત્યારે થાય છે જ્યારે આપણે બીજાની જિંદગીના અનુભવને પોતાના જીવનનો નિયમ બનાવી દઈએ છીએ. કોઈ કહે, “આ સંબંધ રાખશો તો દુઃખી થશો.” કોઈ કહે, “આ માણસ પર વિશ્વાસ ન કરશો.” પરંતુ સંબંધોની ઊંડાઈ અને પરિસ્થિતિની સંપૂર્ણ હકીકત કદાચ આપણને જ ખબર હોય. તેથી બીજાની વાતને તરત સાચી કે ખોટી ગણવાને બદલે વિચારવું જોઈએ. સાચી સલાહ ક્યારેય આપણો નિર્ણય છીનવી લેતી નથી; તે આપણને વધુ સ્પષ્ટ રીતે વિચારવામાં મદદ કરે છે. એટલે સલાહ આપનાર વ્યક્તિ કોણ છે તે પણ મહત્વનું છે. જે વ્યક્તિએ પોતે સંઘર્ષ જોયો હોય, અનુભવ મેળવ્યો હોય અને આપણા હિતને સમજીને વાત કરતી હોય તેની સલાહને ગંભીરતાથી વિચારવી જોઈએ. પરંતુ માત્ર બોલવાની કળા સારી છે એટલે તેની દરેક વાત સાચી હોય એવું માનવું યોગ્ય નથી.

જીવનનું સ્ટિયરિંગ આપણા હાથમાં છે. બીજા લોકો રસ્તો બતાવી શકે, ચેતવણી આપી શકે, અનુભવ જણાવી શકે; પરંતુ વાહન કઈ દિશામાં લઈ જવું તેનો અંતિમ નિર્ણય આપણો હોવો જોઈએ. આ વાત સંબંધોમાં પણ એટલી જ લાગુ પડે છે. ક્યારેક લોકો કહે છે, “લોકો શું કહેશે?” પરંતુ જો દરેક નિર્ણય લોકો શું કહેશે તેના આધારે લેવામાં આવે તો માણસ પોતાનું જીવન ક્યારે જીવશે? જીવન આપણું છે, એટલે જવાબદારી પણ આપણી છે. સફળતા મળે ત્યારે પ્રશંસા કરનારા ઘણા મળશે, પરંતુ નિષ્ફળતા આવે ત્યારે તેની પીડા આપણને જ સહન કરવાની રહેશે. તેથી નિર્ણય લેતી વખતે ભીડની નહીં, બુધ્ધિની વાત સાંભળવી જોઈએ. હા, અહંકારથી કોઈની સલાહ નકારવી પણ યોગ્ય નથી. સલાહ સાંભળવી, મનન કરવું, યોગ્ય-અયોગ્યનું તોલમાપ કરવું અને પછી પોતાની સમજથી નિર્ણય લેવો આ જ સાચી સમજદારી છે. કારણ કે... જીભથી કોઈને રસ્તો બતાવવો સહેલો છે, પણ એ રસ્તા પર ચાલવું મુશ્કેલ છે. બીજાના જીવનની વાર્તા કહેવી સહેલી છે, પણ પોતાની જિંદગીની વાર્તા જીવવી મુશ્કેલ છે. સલાહ બધાની સાંભળો, પણ નિર્ણય તમારી સમજથી લો. વાત બધાની વિચારો, પણ પગલું પોતાની જવાબદારીથી ભરો. કારણ કે લોકો સલાહ આપીને આગળ વધી જશે, પણ એ નિર્ણયનું સુખ કે દુઃખ તમારે જ આખી જિંદગી ભોગવવાનું છે.

> “વાતોના વાદળો તો સૌ વરસાવી જાય છે,
> જીવનના તડકામાં ઊભા રહે એ જ પોતાના છે;
> સલાહ આપનારા અનેક મળી જશે રસ્તામાં,
> પણ પગલાં ક્યાં મૂકવા, એ નક્કી કરવાનું આપણે જ છે.”

# ગ્રામ સ્વરાજ, જય જવાન જય કિસાન અને આત્મનિર્ભર ગામડાંથી જ આત્મનિર્ભર ભારત સંકલ્પ સિધ્ધ કરી શકાય

આ અઠવાડિયામાં બે એવા મહાપુરુષોનો જન્મ દિવસ છે જેમણે હિન્દુસ્તાનના ગામડાંઓની કાયાપલટ માટે અથાગ મહેનત અને પરિશ્રમ કર્યો હતો. પૂજ્ય મહાત્મા ગાંધી અને લાલ બહાદુર શાસ્ત્રીજીનો જન્મ દિવસ ૨ ઓક્ટોબરના રોજ છે. મહાત્મા ગાંધીનો ‘ગ્રામ સ્વરાજ’નો મંત્ર, લાલ બહાદુર શાસ્ત્રીનો ‘જય જવાન, જય કિસાન’નો સંદેશ અને વર્તમાન સમયમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલ ‘વોકલ ફોર લોકલ’ તેમજ ‘આત્મનિર્ભર ભારત’નો સંકલ્પ આ ત્રણેય વિચારધારાને એકસાથે જોઈએ તો ભારતના વિકાસની એક સુંદર યાત્રા નજરે પડે છે. આ યાત્રાના કેન્દ્રમાં જો કોઈ એક શક્તિ અડીખમ ઊભી છે તો તે છે ભારતનો ખેડૂત અને ભારતનું ગામડું.



ગઈકાલનું ગામડું યાદ કરીએ તો આંખ સામે માટી-ગારાનું ઘર, ખેતરનો શેઢો, બળદની જોડી, કૂવામાંથી પાણી કોશ ખેંચતો ખેડૂત અને વહેલી સવારે સૂર્યોદય પહેલાં ખેતરે પહોંચી જતો પરિવાર દેખાય છે. સાધનો ઓછા હતા, સુવિધાઓ મર્યાદિત હતી, પરંતુ મહેનત અખૂટ હતી. ખેડૂત આકાશ સામે જોઈને વરસાદની રાહ જોતો અને પોતાના પરસેવાને પાણી બનાવીને ધરતીને જીવંત રાખતો. મહાત્મા ગાંધીજીએ આ જ ગામડાંમાં ભારતનું ભવિષ્ય જોયું હતું. તેમના માટે ગ્રામ સ્વરાજ એટલે માત્ર ગામનું શાસન નહીં, પરંતુ સ્વાવલંબી ગામડું જ્યાં સ્થાનિક ઉત્પાદન થાય, સ્થાનિક રોજગારી ઊભી થાય, શ્રમ અને મહેનતનું સન્માન થાય અને ગામ પોતાની જરૂરિયાતો માટે બીજા પર ઓછામાં ઓછું નિર્ભર રહે, એ વિચાર હતો.

ગાંધીજીનો આ વિચાર આજે પણ એટલો જ પ્રાસંગિક છે. કારણ કે ભારતનો આત્મા ગામડાંઓમાં વસે છે અને ગામડાંનો ધબકાર ખેતરમાં સંભળાય છે. સમય આગળ વધ્યો છે અને સમય બદલાયો છે, દેશ અનેક પડકારો જોયા છે. ખાદ્યસંકટની કઠિન ઘડીમાં લાલ બહાદુર શાસ્ત્રીજીએ દેશને ‘જય જવાન, જય કિસાન’નો મંત્ર આપ્યો. સરહદ પર દેશની રક્ષા કરતા જવાન અને ખેતરમાં દેશનું પેટ ભરતા ખેડૂત બંનેને રાષ્ટ્રનિર્માણના સમાન સ્તંભ તરીકે ઓળખ આપવાનો આ સંદેશ હતો.

ત્યારબાદ કૃષિ સંશોધન, સિંચાઈ, સુધારેલાં બીજ, ખાતર અને ખેતીની નવી પદ્ધતિઓ સાથે ભારતીય કૃષિએ નવી દિશા પકડી. હરિયાળી ક્રાંતિએ ભારતની ખાદ્ય સુરક્ષાને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી. ગઈકાલનો ખેડૂત અછત સામે લડતો હતો, આજનો ખેડૂત ઉત્પાદન વધારવા સાથે બજાર અને ટેકનોલોજી સાથે જોડાઈ રહ્યો છે. આજે ભારતની ખેતી માત્ર હળ અને બળદ સુધી સીમિત રહી નથી. ટ્રેક્ટર,

ઝાકળનું એક બિંદુ

હિરેન હિરપરા

ડ્રોન, સેટેલાઈટ આધારિત માહિતી, આધુનિક સિંચાઈ, જમીન પરીક્ષણ, કૃષિ યંત્રો, ડિજિટલ બજાર અને વૈજ્ઞાનિક ખેતી જેવા અનેક નવાં સાધનો ખેડૂત સુધી પહોંચી રહ્યાં છે. ખેડૂતને સીધી આર્થિક સહાય આપતી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂત પરિવારોને વાર્ષિક રૂ.૬,૦૦૦ની સહાય ત્રણ હપ્તામાં આપવામાં આવે છે અને આ યોજના ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ સુધી ચાલુ રાખવા માટે રૂ.૩.૧૫ લાખ કરોડની નાણાકીય જોગવાઈને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના ખેડૂતો માટે આશીર્વાદરૂપ સાબિત થશે.

પરંતુ આવતીકાલની ખેતી માત્ર વધુ ઉત્પાદનની નહીં, વધુ મૂલ્યવર્ધન (Value Addition) ની ખેતી બનવાની જરૂરિયાત છે. મગફળી ઉગાડનાર ખેડૂત માત્ર મગફળી વેચે તેના બદલે તેમાંથી તેલ, ચીકી અને અન્ય ઉત્પાદનો બનાવે; દૂધ ઉત્પાદક માત્ર દૂધ વેચે તેના બદલે દહીં, ઘી, પનીર જેવાં ઉત્પાદનો સાથે જોડાય, ફળ અને શાકભાજી ઉત્પાદક મૂલ્યવર્ધન પ્રક્રિયા ઉદ્યોગ સાથે જોડાય તો ખેડૂતની મહેનતનું મૂલ્ય અનેકગણું વધી શકે.

આ દિશામાં ખેડૂત ઉત્પાદક સંગઠનો એટલે કે FPO (Farmer Producer Organizations) એક મહત્વપૂર્ણ માધ્યમ બની રહ્યાં છે. કેન્દ્ર સરકારની ૧૦,૦૦૦ FPOની યોજનામાં માર્ચ ૨૦૨૬ સુધી ૧૦,૦૦૦ FPO નોંધાઈ ચૂક્યાં છે. FPO દ્વારા ખેડૂતો માટે જરૂરી એકસાથે ખરીદી, ઉત્પાદન વેચાણની માહિતી, મૂલ્યવર્ધન અને બજાર જોડાણ જેવી પ્રવૃત્તિઓમાં તક મળે છે, એટલે જ દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી આ દિશામાં આગળ વધી રહ્યા છે.

આવતીકાલનું ગામ એવું હોવું જોઈએ જ્યાં યુવાનને રોજગાર માટે ગામ છોડવું ન પડે, જ્યાં ખેતર માત્ર ખેતીનું સ્થળ નહીં પરંતુ મૂલ્યવર્ધન અને ઉદ્યોગનું કેન્દ્ર બને, જ્યાં પશુપાલન, બાગાયત, મધમાખી ઉછેર, કુદરતી ખેતી, ખાદ્ય પ્રક્રિયા અને ગ્રામ આધારિત નાના ઉદ્યોગો સાથે મળીને ગામની અર્થવ્યવસ્થા મજબૂત બને અને ગામડાંઓમાંથી સ્થળાંતર અટકે. આપણા ગામમાં બનેલી વસ્તુને આપણા ગામ, તાલુકા, જિલ્લા, રાજ્ય અને દેશના બજાર સુધી પહોંચાડવી આ માત્ર વેપાર નથી, આ ગામડાંની અર્થવ્યવસ્થાને મજબૂત કરવાની દિશા છે અને આ દિશામાં ગામડાંઓએ આગળ વધવું પડશે, સરકારે આ દિશામાં વિચારવું પડશે; કારણ કે ગામડાંઓ ભાંગશે અને મહાનગરોમાં વસ્તીવધારો એ આગામી સમયમાં મોટી સમસ્યા બનશે. આજે જરૂર છે કે ખેડૂતને માત્ર સહાય મેળવનાર તરીકે નહીં, પરંતુ ઉત્પાદનથી બજાર સુધીની સમગ્ર સાંકળમાં ભાગીદાર તરીકે જોવામાં આવે. ખેડૂત ઉત્પાદક બને, ઉદ્યોગકાર બને, ઉદ્યોગસાહસિક બને અને પોતાના ઉત્પાદનની બ્રાન્ડ ઊભી કરે ત્યારે આત્મનિર્ભર ભારતનો સંકલ્પ ખેતરના ખોળેથી સાકાર થતો જોવા મળશે.

ગઈકાલનો ખેડૂત પરસેવાથી ભારતને જીવાડતો હતો. આજનો ખેડૂત પરસેવા સાથે જ્ઞાન-વિજ્ઞાન અપનાવી રહ્યો છે. અને આવતીકાલનો ખેડૂત વિજ્ઞાન, ખેડૂત સંગઠન, સહકાર, મૂલ્યવર્ધન અને બજારના બળથી ભારતની નવી ગ્રામ અર્થવ્યવસ્થાનો નિર્માતા બની શકે છે. ખેતરની માટી સાથે જોડાયેલો ખેડૂત માત્ર અન્ન પેદા કરતો નથી, તે દેશનું ભવિષ્ય ઉગાડે છે. ગામડું મજબૂત હશે તો ખેડૂત મજબૂત બનશે, ખેડૂત મજબૂત બનશે તો કૃષિ અર્થવ્યવસ્થા મજબૂત બનશે અને કૃષિ મજબૂત બનશે તો આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન વધુ મજબૂત બનશે. ગાંધીજીનું ગ્રામ સ્વરાજ, શાસ્ત્રીજીનો ‘જય જવાન, જય કિસાન’નો મંત્ર અને આજના આત્મનિર્ભર ભારતનો સંકલ્પ આ ત્રણેય આપણને એક જ વાત કહે છે: ગામને ભૂલીને ભારતનો વિકાસ શક્ય નથી અને ખેડૂતને મજબૂત કર્યા વિના ભારત આત્મનિર્ભર બની શકે નહીં.

આથી હવે સમય છે ખેતરથી બજાર સુધી, ગામથી વિશ્વ સુધી અને ખેડૂતની મહેનતથી આત્મનિર્ભર ભારત સુધીની નવી યાત્રાનો! આવતી ૨ ઓક્ટોબરના રોજ રાષ્ટ્રપિતા અને ગ્રામસ્વરાજના સ્વપ્નદ્રષ્ટા પૂજ્ય મહાત્મા ગાંધી અને સાદગી સાથે જીવન જીવીજનાર લોકપ્રિય વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીજીની જન્મજયંતી છે, ત્યારે દેશનો ખેડૂત સમાજ અને ગ્રામીણ જીવન ક્યારેય તેઓને ભૂલી શકે નહીં.

**:: તિખારો ::**

દૂધ, દહીં, ઘી, છાશ, માખણ બધા એક જ કુળના હોવા છતાં દરેકની કિંમત અલગ-અલગ હોય છે; કેમ કે શ્રેષ્ઠતા જન્મથી નહીં પરંતુ પોતાના કામ, કર્મ, કળા અને ગુણોથી જ પ્રાપ્ત થાય છે.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



શિયાળુ પાકોનું વાવેતર જ્યારે ઠંડી પડવાની શરૂઆત થાય અને ભલામણ કરેલ સમયે વાવેતર કરવું. બિયારણ આગાઉથી મેળવી લેવું.

● જે પાકો ચોમાસામાં પૂરું વળતર આપે તેમ ન હોય તો તેને કાઢી અર્ધ શિયાળુ પાકનું વાવેતર તુરંત કરવું.

**તુવેર:**

●જ્યારે ભુકારૂપ દવાઓમાં મિથાઈલ પેરાથીઓન, કાર્બારીલ અને ક્વિનાલફોસ અસરકારક જોવા મળેલ છે.

● તુવેરમાં ફુલ બેસવાની શરૂઆત થયે, ૫૦% છોડ પર ફુલ બેસે ત્યારે અને ૫૦% છોડ પર શીંગો બેસે ત્યારે લીંબોળીના મીંજનો અર્ક છાંટવો.

● તુવેરની શીંગમાખી નિયંત્રણમાટે તુવેરના ખેતરમાં ૫૦% છોડ પર શીંગો બેસે ત્યારે ક્વિનાલફોસ અથવા ડાયમિથોએટ છંટકાવ કરવો. ફેનવાલેરેટ ૦.૪% ભુકી ૨૫ કિ.ગ્રા./હે જરૂર જણાય તો ૨૦ દિવસે બીજો છંટકાવ કરવો.

● ૫૦ % ફૂલ બેસવાની અવસ્થાએ ત્યાર બાદ ૧૫ દિવસે ડાયક્લોરોફોસ ૫ મીલી, પેલીટ્રોન સી – ૧૨ મીલી અથવા એસીફેટ – ૨૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

**કપાસ:**

**લીલો સુકારો:**

● ઘણા સમયથી વરસાદનો અભાવ અને તાપમાન ઘણું વધારે હતુ. ત્યારબાદ અચાનક વરસાદ આવ્યો એટલે અચાનક છોડ લીલે લીલો સુકાવા લાગ્યો.

● છોડમાં આ કોઈપણ પ્રકારનો રોગ નથી કે કોઈપણ તત્વોનો અભાવ નથી.

● એટલે જમીનમા કોઈ પણ ફૂગનાશક, જંતુનાશક કે અન્ય કંઈપણ પાવાથી કોઈપણ પ્રકારની રાહત થતી નથી માટે ખેડૂતોએ આમા ખોટો ખર્ચ કરવો નહીં.

● છંતા આ ઉપાય કરશું

● હવે અત્યારે પહેલુ તો કામ વરસાદ જાય એટલે એક મૂકીને એક પિયત આપી દેવુ જોઈએ.

● બીજુ સારા છોડ દેખાય છે એ બચાવવા એના મૂળના વિકાસ માટે હ્યુમીક એસીડ અથવા માઈક્રોરાઝા આપવુ..

● પીળા થઈને સુકાઈ જતા છોડ માટે ટ્રાઈકોધન-FNS ને ૧૦૦ ગ્રામ/પુંપ નાખીને ડ્રેન્સિંગ કરવુ.

● કપાસની ફૂલ અને જીંડવાની અવસ્થાએ ૧ ટકા (૧૯-૧૯-૧૯ ના. ફો. પો.) નો છંટકાવ કરવો.

● પિયત સાથે યુરિયા અથવા સલ્ફરયુક્ત ખાતર આપવુ પિયત પાકને વરસાદ બંધ થયા પછી ૧૫ દિવસ પછીથી જરૂરીયાત મુજબ પિયત આપવું.

● કપાસ તૈયાર થયે વહેલી સવારે વીણી કરી, ભેજ ઉડી જાય ત્યારે સુકી જગ્યામાં સંગ્રહ કરવો.

કપાસની વાવણી બાદ ૯૦ દિવસે ઈથરેલ ૫૦ પી.પી.એમ. (૨-૩મિ.લિ./૧૦ લીટર) પાણીમાં નાખી છંટકાવ કરવો.

**દિવેલા:**

● થ્રીપ્સ, તડતડીયા, સફેદ માખીના નિયંત્રણ માટે ડાયમીથોએટ (૦.૦૩%) ૧૫ મીલી ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો. સફેદમાખીના નિયંત્રણ માટે એસીફેટ ૧૫ ગ્રામ અથવા ઈથીઓન (૦.૦૫%) ૨૦ મીલી અથવા લીબોડીનું તેલ ૫૦ મીલી ડીટરજન્ટ પાવડર ૧૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ઓગાળી છંટકાવ કરવો

**રાઈ:**

● રાઈના પાકની વાવણી ઑક્ટોબર માસની આઠમી તારીખથી એકત્રીસ તારીખ સુધીમાં જયારે દિવસના ગરમીનું પ્રમાણ ઓછુ હોય ત્યારે કરવાથી વધુમાં વધુ ઉત્પાદન મેળવી શકાય છે. જયારે સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાકની વાવણી ઑક્ટોબર માસના પ્રથમ પખવાડિયામાં કરવા ભલામણ થયેલ છે.

● રાઈની વાવણી ૧૫ ઓક્ટોમ્બર બાદ દિવસનું તાપમાન ૩૦ સેન્ટીગ્રેડથી ઓછું થાય ત્યારે કરવી. મોડી વાવણી કરતાં ભુકી છારો તથા મોલોમસીનો ઉપદ્રવ થતાં ઉત્પાદન ઘટે છે

● વાવણી માટે ભલામણ કરેલ રાઈ વરૂણા , ગુ.રાઈ-૧, ગુ.રાઈ-૨, ગુ.રાઈ-૩ અને ગુ.દાં.રાઈ-૪ જાતોનું પ્રમાણિત બીજ વાપરવું.

● ભેજ હોય ત્યારે હેકટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજનઅને ૨૫ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૫૪ કિલોગ્રામ ડી.એ.પી. અને ૩૩ કિલોગ્રામ યૂરિયા અથવા ૭૬ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર જમીનમાં ઓરીને આપવું.

**મિશ્ર પાક પધ્ધતિ :**

રાઈ સાથે રજકાનો (બીજ માટે) મિશ્ર પાક લેવો જેમાં રાઈનું ૩.૫ કિ.ગ્રા. બીજ અને રજકાનું ૫ કિ.ગ્રા. બીજ મિશ્ર કરી ચાસમાં વાવણી કરવી. અથવા રાઈને પ્રથમ પિયત આપતી વખતે હેકટરે ૫ કિ.ગ્રા. રજકાનું બીજ ઉભા પાકમાં પુખીને વાવવું, રાઈની કાપણી પછી રજકાની (લીલુ ઘાસ ) કાપણી કરી હેકટરે ૨૦ કિ.ગ્રા. નાઈટ્રોજન આપી પિયત આપવું અને બીજ ઉત્પાદન માટે છોડી દેવો.

**અજમો** : બિયારણનો દર ૩.૫ કિલોગ્રામ પ્રતિ હેકટર રાખવો. અજમાની વાવણી માટે હંમેશાં વધુ ઉત્પાદન આપતી સુધારેલી જાત ગુજરાત અજમો-૧ અને અજમો-૨ ની પસંદગી કરવી જોઈએ.

અજમામાં ખાતર ૨૦+૨૦+ ૦૦ ના.ફો.પો કિલો/હે આપવું.

**મેથી:** ગુજરાત મેથી ૧ અને ૨ નું વાવેતર કરવું તેમજ ખાતર માટે પાયાના ખાતરોમાં ૨૦-૪૦ ના.ફો.હે અને ગંધક ૧૦ કિગ્રા ગંધક/હે પાકની વાવણીના ૨૦ થી ૨૫ આપવું.

**ડાંગર:**

● ઓરાણ ડાંગરમાં ૫૦ ટકા કંટી નીકળ્યા બાદ પાંચ અઠવાડીયે ડાંગર પીળી દેખાય ત્યારે કાપણી કરવાથી ૪૫ ટકા વધુ ઉત્પાદન અને ૪૭ ટકા આખા ચોખાનો ઉતાર મળે છે

**બાજરા:**

● અર્ધશિયાળુ ઋતુમા સંકર બાજરાનુ વાવેતર કરતા ખેડુતોનુ મહતમ ઉત્પાદન અને નફો મેળવવા બાજરાની વહેલી પાકતી જાત જી.એચ.બી. ૫૩૮ અથવા અર્ધશિયાળુ પ્રચલીત જાતનુ વાવેતર ઓક્ટોબર મહિનાના પ્રથમ અઠ્વાડિયામાં કરવું.

**જુવાર :**

● ઘાસચારાની જુવારમાં દાતરડાથી વાઢી પાથરી સુકવી વહેલી સવારમાં પૂળા બાંધી ઓઘલા કરી સૂર્યના તાપમાં સુકવી દઈ યોગ્ય જગ્યાએ સંગ્રહ કરવો.

● દાણાની જુવાર દુધિયા દાણાની અવસ્થાએ ભેજની ખેંચ જણાય ત્યારે પિયતની સગવડ હોય તો પૂરક પિયત આપવું.

**મકાઈ:**

● મકાઈ સ્વીટકોર્ન હાઈબ્રીડ જીએએસસીએચ - ૧૧ (મધુરમ) રવિ ઋતુમાં વાવેતર માટે ભલામણ છે. આ ગાભમારાની ઈયળ સામે પ્રતિકારક શક્તિ ધરાવે છે.

રાજમાં ગુજરાત રાજમાં – ૧ નું વાવેતર કરો.

રજકો રજકો : ટી – ૯ ગુજરાત રજકો – ૧ એસ.એસ – ૬૨૭ અથવા આંણદ રજકો – ૩ નું વાવેતર કરો.

**શાકભાજી:**

● શિયાળુ શાકભાજીના તૈયાર થયેલી ધરૂઓની ફેર રોપણી ભલામણ મુજબના રાસાયણિક ખાતરો આપવા.

● રવિ ઋતુમાં શાકભાજી પાકો માટે ધરૂવાડિયાની તેમજ વાવણીની તૈયારી કરવી. શાકભાજીના પાકમાં બિયારણને થાયરમ અથવા કાર્બેન્ડાઝીમનો પટ અવશ્ય આપવો.

● ટામેટા જૂનાગઢ રૂબી, ગૂજરાત ટમેટા-૨, આણંદ ટમેટા-૩ અને ગૂજરાત આણંદ ટમેટા-૪ નું વાવેતર કરવું.

● ટમેટાના પાકમાં જરૂર જણાય તો મલ્ટીમાઈક્રોન્યુટ્રીયન્ટ પ્રવાહી ગ્રેડ-૪ ના ટકા દ્રાવણના ૪૫,૬૦ અને ૭૫ દિવસે છંટકાવ કરવો.

● ટામેટામાં લીલી ઈયળનાં નિયંત્રણ માટે ફેનવેલેરેટ ૨૦ઈ.સી. ૭ મિ.લી. સાયપરમેથ્રીન ૧૦ઈ. સી. ૭ મિ.લી. કાર્બારિલ ૫૦વે.પા. ૪૦ગ્રામનો ઉપયોગ કરવો.

● મરચીમાં એસ-૪૯, જ્વાલા અથવા જી-૪ તેમજ જીવીસી -૧૨૧ ના વાવેતર માટે ભલામણ છે.

● રીંગણના રાસાયણિક દવાઓમાં ડેલ્ટામેથ્રીન + ટ્રાયઝોફોસ ૦.૦૩૬ ટકા (૧૦ મિ.લી. / ૧૦લિટર પાણી), ઈન્ડોકઝાકાર્બ ૦.૦૧૪૫ ટકા (૧૦મિ.લી./૧૦ લિટર પાણી) અથવા કિવનાલફોસ ૦.૦૫ ટકા (૨૦મિ.લી./૧૦ લિટર પાણી) પૈકી કોઈ પણ એક દવાનો છંટકાવ વારાફરતી કરવો.

● **લસણ** : ગુજરાત લસણ –૫ અથવા ૭નું વાવેતર.

● તરબૂચના પાનકોરીયાના નિયંત્રણ માટે સાયાન્ટ્રામિલીપ્રોલ ૧૦ મિલી ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો બીજો ૧૫ દિવસે કરવો.

**લસણ:**

● વાવેતર માટે ગુજરાત લસણ-૧ (સફેદ જાત) અને ગુજરાત લસણ-૧૦ (લાલ જાત), ગુજરાત લસણ-૨, ગુજરાત લસણ-૩, ગુજરાત લસણ-૪,જી-૪૧, જી-૫૦,જી-૨૬૨, જી-૩૨૬ પૈકી કોઈપણ એક જાતની પસંદગી કરવી.

● પાકનું વાવેતર ઓકટો- નવેમ્બર માસ દરમ્યાન કરવું. વાવેતર વખતે હેક્ટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૫૦ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૧૦૯ કિલોગ્રામ ડી.એ.પી. અને ૧૨ કિલોગ્રામ યુરિયા અથવા ૨૭ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું અને ૮૦ કિલોગ્રામ મ્યુરેટ ઓફ પોટાશ આપવું.

**ડુંગળી:**

● રવિ ઋતુમાં લાલ ડુંગળી માટેપૂસા રેડ,જીજેઆરઓ-૧૧તેમજ સફેદ ડુંગળી માટે ગુજરાત સફેદ ડુંગળી-૧, જીજેડબ્લ્યુઓ-૩.ઉપરાંત નાસિક-૫૩,જુનાગઢ લોકલ (પીળીપતી)નું વાવેતર કરવું

● ડુંગળી કંદના ઉત્પાદન માટે હેકટર દીઠ ૩૭.૫ કિલોગ્રામ નાઈટ્રોજનને ૩૭.૫ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૮૧ કિલો ડી.એ.પી. અને ૫૦ કિલોગ્રામ યુરીયા અથવા ૧૧૫ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર ફેર રોપણી કરતી વખતે પાયાના ખાતર તરીકે આપવું.

● ડુંગળી બીજના ઉત્પાદન માટે પાકનું વાવેતર ૧૫ ઓકટોબર થી ૧૫ નવેમ્બર સુધીના સમયગાળામાં કરવું.

● ડુંગળી બીજ ઉત્પાદન માટે હેકટર દીઠ ૩૭.૫ કિલોગ્રામ નાઈટ્રોજન, ૭૫ કિલોગ્રામ ફોસ્ફરસ તત્વ એટલે કે ૧૬૩ કિલોગ્રામ ડી.એ.પી. અને ૧૮ કિલોગ્રામ યુરીયા, ડુંગળીના કંદ રોપણી વખતે પાયાના ખાતર તરીકેઆપવું.

**રતાળુ :** **હેમલતા** જાતનુંવાવેતર કરવા ભલામણ છે.

**ચણા:**

● ચણાને વાવતાં પહેલાં બીજાને ફૂગનાશક દવા અને રાઈઝોબીયમકલ્ચરની માવજત અવશ્ય આપવી.

● બિન પિયત માટે ચણા -૬ જાતનું વાવેતર કરવું.

● પિયત ચણા માટે જુનાગઢ ચણા-૩,૪,૫ ૭, ૮ અથવા સોરઠ કાબુલી-૨ નું વાવેતર કરવું.

● ચણામાંબીજ અંકુર વધારવા માટે બીજ માવજત માટે પોટેશિયમ નાઈટ્રેટ ૧૦૦ ppm ૧૦૦ મિલીગ્રામ ૧ લિટર દ્રાવણ બનાવી બીજને પલાળી છાંયડામાં સુકવી વાવેતર કરવું

પ્રવાહી જૈવિક ખાતરની વિશિષ્ટતા:

● અવધિ ૧ વર્ષ

● ૧૦ કરોડ સૂક્ષ્મજીવાણું પ્રતિ મિલિ લિટર

● વપરાશ અને વહન સરળ

● ખેડૂતોમાં આવકાર્ય

● ટપક પધ્ધતી માટે સાનુકૂળ

● ગ્રીન હાઉસ માટે અનુકૂળ

● નાઈટ્રોજન અને ફોસ્ફરસ ખાતરની બચત થાય અને ઉત્પાદન વધુ મળે



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨

# વરસાદ, વાવેતર અને વરાપ : ખેડૂતો માટે ખાસ કૃષિ સલાહ



સામાન્ય કૃષિ સલાહ (તમામ પાકો માટે)

**૧) નિંદામણ નિયંત્રણ:** વરસાદના વિરામ દરમિયાન વરાપ થતાં જ આંતરખેડ અને નિંદામણ કરવું.જેથી મુખ્ય પાકને પોષકતત્વો મળી રહે.

**૨)જીવનરક્ષક પિયત** (Life-saving Irrigation): જ્યાં વરસાદ લાંબા સમયથી ખેંચાયો છે અને મગફળી કે કપાસમાં ફૂલ/સુયારા બેસવાની કટોકટીની અવસ્થા છે, ત્યાં કૂવા કે કેનાલના પાણીથી સ્પ્રિંકલર દ્વારા ટૂંકું પિયત આપવું અમૃત સમાન સાબિત થશે.

**3) પાણીનો નિકાલ:** ભારે વરસાદવાળા વિસ્તારોમાં ખેતરમાંથી વધારાનું પાણી બહાર કાઢવાના નાળા સાફ રાખો. મૂળમાં પાણી ભરાઈ રહેવાથી મૂળનો સડો અને ઉગસુખ (Wil) નો રોગ આવે છે.

**૪) પર્ણ-છંટકાવ** (Foliar Spray):જમીનમાં વધુ પડતો ભેજ હોય અથવા સાવ સૂકી હોય ત્યારે રાસાયણિક ખાતરો જમીનમાં સીધા આપવાનું ટાળો. તેના બદલે પાકની નબળાઈ દૂર કરવા૧% થી ૨% યુરિયા અથવા ૧૯:૧૯:૧૯ દ્રાવ્ય ખાતરનો પાન પર છંટકાવ કરવો વધુ ફાયદાકારક છે.

**૫) ચૂસિયા જીવાતો માટે (સફેદ માખી, થ્રિપ્સ, મશી):**૧૫ લીટર પાણીના પંપમાં લીંબોળીનું તેલ (Neem Oil) અને થોડા પ્રમાણમાં કપડાં ધોવાનો પાવડર મિક્સ કરીને છાંટવો. અથવા દસપર્ણી અર્કનો છંટકાવ કરી શકાય છે.વર્ટિસિલિયમ લેકાની શાકભાજી અને કપાસમાં આવતી મોલો-મશી, થ્રિપ્સ અને સફેદ માખી જેવા ચૂસિયા જીવાતોના પાછળના ભાગમાં રોગ પેદા કરીને તેનો સફાયો કરે છે.

૬) ઈયળોના નિયંત્રણ માટે:શરૂઆતના સ્ટેજમાં બીવેરીયા બેસીઆના (Beauveria bassiana) અથવા બી.ટી.(Bt) પાવડર મિક્સ કરીને સાંજના સમયે છાંટવો.

**૭) ફૂગજન્ય રોગો માટે (ટપકાં, સુકારો):**૧૫ લીટર પાણીમાં ખાટી છાસ અને થોડી હળદર મિક્સ કરીને છાંટવી, જે ઉત્તમ દેશી ફૂગનાશક છે.

૮)સફેદઘૈણ / મુંડા / ડોળ / નિયંત્રણ: મેટારીઝીયમએનિસોપ્લી (Metarhizium anisopliae) અથવા

૯) બીવેરિયા બેસિઆના (Beauveria bassiana): આ એક ખાસ મિત્ર ફૂગ છે જે જમીનમાં રહેલા સફેદ મુંડાના શરીર પર રોગ પેદા કરીને તેને મારી નાખે છે.

૧૦) **વાપરવાની રીત:** ૧ એકર ખેતર માટે ૧ થી ૨ કિલો પાવડરને આશરે ૧૦૦ કિલો સારી રીતે સડેલા છાણિયા ખાતરમાં અથવા એરંડીના ખોળમાં મિક્સ કરો. આ મિશ્રણને સાંજના સમયે ભેજવાળી જમીનમાં (મૂળ પાસે) વિખેરી દેવું અને હળવું પિયત આપવું.

**૧૧) ૯) કાચું ખાતર ક્યારેય ન વાપરવું:** ખેતરમાં ક્યારેય અડધું સડેલું (કાચું) છાણિયું ખાતર ન નાખવું, કારણ કે સફેદ ઘૈણ/મુંડા હંમેશા કાચા ખાતરમાં જ ઈંડા મૂકે છે અને ત્યાંથી જ તેનો ઉપદ્રવ શરૂ થાય છે.

ડો. એચ. કે. દેસાઈ, ડો. જે. ડી. દેસાઈ,
ડો. એન. કે. રાઠોડ
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સીટી, અરણેજ,
તા.ધોળકા, જી. અમદાવાદ

# મકાઇના પાકમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન



ડો. એમ. કે. કાનાણી, ડો.એચ. સી. પટેલ, શ્રીપ્રેમચૌધરી અને ડો. ડી. બી. સિસોદિયા કિટકશાસ્ત્રવિભાગ,બં. અ. કૃષિમહાવિદ્યાલય, આ. કૃ. યુ., આણંદ

મકાઈ ખાદ્ય વર્ગના પાકમાં ખુબજ અગત્યનું સ્થાન ધરાવે છે. ભારતમાં મકાઈનું વાવેતર ૯.૩૮ લાખ હેક્ટર જેટલા વિસ્તારમાં થાય છે, જેમાંથી ૨.૮૮ કરોડ ટન જેટલું ઉત્પાદન મળે છે. ગુજરાતમાં મકાઈના વાવેતરમાં પંચમહાલ, મહિસાગર, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, અરવલ્લી, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓ અગત્યનું સ્થાન ધરાવે છે.

મકાઈમાં પાકની વાવણીના સમયથી લઈ કાપણી સુધી અને ત્યાર બાદ સંગ્રહ દરમ્યાન જીવાતોનો ઉપદ્રવ જોવા મળે છે. મકાઈમાં જુદી-જુદી જીવાતોનું જેવીકે ટપકાંવાળી લશ્કરી ઈયળ, ગાભમારાની ઈયળ, લીલી ઈયળ, કાતરા, ધોડા, લશ્કરી ઈયળ,મોલો, ઉધઈ, પક્ષીઓ વગેરેનો સમાવેશ થાય છે. જે પૈકી મકાઈમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરેલ ચાર ટપકાંવાળી લશ્કરી ઈયળ ખુબ જ અગત્યની છે. જેનો ઉપદ્રવ વર્ષ ૨૦૧૮ પછી ખુબ જ વધીગયો છે. ચાલુ વર્ષે પણ આ જીવાત ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં મકાઈમાં જોવા મળેલ છે.મકાઈમાં આ જીવાત દ્વારા ૫૦ થી ૬૦ ટકા સુધી નુકસાન નોંધાયેલ છે. આવી પરિસ્થિતિમાં જો યોગ્યકાળજી લેવામાં ન આવે તો આ જીવાતનો ઝડપી ફેલાવો થઈ ઉત્પાદન અને ગુણવત્તામાં અસર થઈશકે છે.

ટપકાંવાળી લશ્કરી ઈયળ :

માદા ફૂદી પાનની નીચેની બાજુએ સમૂહમાં ઈંડાં મૂકે છે જેમાં ૭૫ થી ૧૪૦ જેટલા ઈંડાં હોય છે. ઈંડાંનું ૨ થી ૩ દિવસમાં સેવન થતાં પ્રથમ અવસ્થાની કાળા માથાવાળી અને લીલાશ પડતી સફેદ રંગની નાની ઈયળ નિકળે છે. પૂર્ણ વિકસિત ઈયળના માથા પર નરી આંખે જોઈ શકાય તેવો સફેદ રંગનો ઉંધો અંગ્રેજી "રૂ" આકાર જોવા મળે છે અને તેના ખંડો ઉપર જોવા મળતા ટપકાં મોટા તથા ઉપસેલા જોવા મળે છે જેનાથી ઈયળને સહેલાઈથી ઓળખી શકાય છે. આથી ગુજરાતમાં આ જીવાતને "ટપકાંવાળી લશ્કરી ઈયળ" અથવા "પૂંછડે ચાર ટપકાંવાળી લશ્કરી ઈયળ" તરીકે ઓળખવામાં આવે છે. નાની ઈયળો મકાઈના કૂમળા પાન ઉપર મુખાંગો દ્વારા ઘસરકા કરી તેમાંથી હરિતદ્રવ્ય સહિતનો ભાગ ખાય છે જેથી પાન પર સફેદ રંગના ધાબા જોવા મળે છે. આ ઈયળો છોડની ભૂંગળીમાં વિકસતા નાના પાનને કોરી ખાતી હોવાથી પાન પર કાણાં જોવા મળે છે. વધુ ઉપદ્રવ હોય તો પાન પર અસંખ્ય અનિયમિત આકારના કાણાં અને ઈયળની હગાર જોવા મળે છે. ભૂંગળીમાં નુકસાન પામેલ પાન જ્યારે ખૂલે અને મોટા થાય ત્યારે તેના પર ખેંચાયેલ લાંબા કાણાં જોવા મળે છે. છોડની શરૂઆતની અવસ્થામાં ઉપદ્રવનું પ્રમાણ વધારે હોય તો છોડના ટોચના ભાગમાં નુકસાન થવાથી ક્યારેક સંપૂર્ણ છોડ નાશ પામે છે કે ઠૂંઠા દેખાય છે. ઈયળની તાજી હગારથી પણ મેખલાનો ભાગ ભરાયેલો જોવા મળે છે જે સુકાતા નાના-નાના જથ્થામાં લાકડાના વહેર જેવી જોવા મળે છે. ઈયળો ભૂંગળીનાં પાન ઉપરાંત મકાઈની ચમરી તેમજ ડોડાના આગળના ભાગમાં આવેલ રેશમી તાંતણાઓને નુકસાન કરતી જોવા મળે છે. ડોડામાં કુમળા દાણાનો વિકાસ થયેલ હોય તો તેમાં અંદર દાખલ થઈ દાણા તેમજ તેની નીચેનો કુમળો ભાગ ખાઈને નુકસાન કરે છે.

સંકલિત વ્યવસ્થાપન :

● મકાઈની વાવણી પહેલા ૧૦-૧૫ દિવસે લીમડાનો ખોળ ૨૫૦ કિ.ગ્રા./હેક્ટર પ્રમાણે જમીનમાં નાખવાથી કોશેટામાંથી ફૂદાં નિકળવાનું પ્રમાણ ઘટશે.

● એસીટામીપ્રીડ૧૯.૫ + ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૯.૫ એફએસ ૧૦મિ.લિ. પ્રતિ ૧ કિ.ગ્રા. બીજ દીઠ પટ/માવજતઆપી વાવેતર કરવું.

● પિયત અને રાસાયણિક ખાતરનો વપરાશ ભલામણ મુજબ જ કરવો.

● મકાઈનો પાક વારંવાર ન વાવતાં પાકની ફેરબદલી અપનાવવી.

● પ્રકાશ પિંજર પ્રતિ હેક્ટરે એકની સંખ્યામાં ગોઠવી આ જીવાતનાં પુખ્તને આકર્ષી નાશ કરવો.

● આ જીવાતનાં નર ફૂદાંને આકર્ષવા માટે ૫૦ ફેરોમોન ટ્રેપ પ્રતિ હેક્ટર (૨૦ ફેરોમોન ટ્રેપ પ્રતિ એકર) લગાવવાથી તથા લ્યુર ૪૦ દિવસે બદલવાથી અસરકારક નિયંત્રણ મેળવી શકાય છે.

● ઈંડાના સમૂહ અથવા પ્રથમ અવસ્થાની ઈયાળો જ્યારે સમૂહમાં હોય ત્યારે પાન તોડી યોગ્ય રીતે નાશ કરવો.

● ગુજરાતમા મકાઈની ખેતી કરતા તેમજ બિન-રાસાયણિક ખેતીમા રસ ધરાવતા ખેડૂતોને પૂંછડે ચારટપકાવાળી ઈયળના નુક્સાનને ઘટાડવા માટે માટી અથવા રેતી ૫ ગ્રામ/છોડ વાવણીના ૩૦ અને ૪૫દિવસ પછી ભૂંગળીમા આપવાની ભલામણ કરવામા આવે છે.

● ઉપદ્રવની શરૂઆતમાં બેસીલસ થુરીન્જીન્સીસ ડબલ્યુજી (૧૦૮ સીએફયુ/ગ્રામ) ૨૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ઉમેરી છોડની ભૂંગળી બરાબર ભીંજાય તે રીતે છંટકાવ કરવાથી સારૂ નિયંત્રણ મળે છે.

● ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧૮.૫ એસસી ૪ મિ.લિ. અથવા સ્પીનેટોરમ ૧૧.૭ ઈસી ૫ મિ.લિ. અથવા બ્રોફેનિલીડ ૨૦ એસસી ૨.૫ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છોડ બરાબર ભીંજાય તે રીતે છંટકાવ કરવાથી અસરકારક નિયંત્રણ થાય છે. મકાઈના વાવેતર બાદ પ્રથમ છંટકાવ ૨૫ થી ૩૦ દિવસે અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવના ૧૫ દિવસ બાદ કરવો જોઈએ. જો બંને વખતે પ્રવાહી મિશ્રણનો છંટકાવ કરવાનો હોય તો કીટનાશક બદલવી.

● ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૦.૪ ટકા સીજી (દાણાદાર કીટનાશક) ૧૨.૫ કિ.ગ્રા./હે. ભૂંગળીમાં આપવાથી ટપકાવાળી લશ્કરી ઈયળનું નિયંત્રણ કરી શકાય છે.

● ડાંગરની કુશકી ૨૫ કિ.ગ્રા. + ગોળ ૫ કિ.ગ્રા. + થાયોડીકાર્બ ૭૫ ડબલ્યુપી ૨૫૦ ગ્રામ અથવા મકાઈનો લોટ ૨૫ કિ.ગ્રા. + ગોળ ૫ કિ.ગ્રા. + થાયોડીકાર્બ ૭૫ ડબલ્યુપી ૨૫૦ ગ્રામમાંથી બનાવેલ વિષ પ્રલોભિકા ભૂંગળીમાં આપવી (વિષ પ્રલોભિકા બનાવવા ગોળને ૫ લિટર પાણીમાં ઓગાળી તેને ૨૫ કિ.ગ્રા. ડાંગરની કુશકી/મકાઈના લોટમાં ૧૦-૧૨ કલાક ભેળવવું અને માવજતમાં ઉપયોગ કરતા પહેલા તેમાં ૨૫૦ ગ્રામ થાયોડીકાર્બ બનાવેલ પ્રલોભિકામાં ઉમેરી બરાબર ભેળવવું).

● પાક કાપી લીધા બાદ જડીયા અને કચરો સેન્દ્રિય ખાતર બનાવવાના ઉપયોગમાં લેવો.

● જમીનમાં ઉંડી ખેડ દિવસ દરમ્યાન કરવી જેથી તેમાં રહેલ કોશેટા બહાર આવતા પક્ષીઓ દ્વારા કુદરતી નિયંત્રણ મળશે.

● ઘાસચારાની મકાઈમાં વધુ ઉપદ્રવ જણાય તો તાત્કાલિક તેને કાપી લઈ ઢોરને ખવડાવી દેવી અને જો કીટનાશકનો છંટકાવ કર્યો હોય તો ૩૦ દિવસ બાદ જ ઢોરને ખવડાવવી. (ક્રમશઃ)

# ધારી-અમરેલી રોડ પર પરબડી ગામના પાટિયા પાસે ઈકો અને સ્વિફ્ટ કાર વચ્ચે અકસ્માત


તસવીર : સંજય વાળા

ધારી, તા.૨૭

ધારી-અમરેલી રોડ પર પરબડી ગામના પાટિયા પાસે ઈકો કાર અને સ્વિફ્ટ કાર વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતની ઘટનામાં ઈકો કાર રોડ પરથી દૂર ખેતરમાં જઈ ખાબકી હતી. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢી ૧૦૮ એમ્બ્યુલન્સની મદદથી અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ ઈકો કારના ચાલક તેમજ સ્વિફ્ટ કારના ચાલકને ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરાંત એક બાળક સહિત અન્ય લોકોને પણ ઈજા થઈ હોવાના અહેવાલ છે. અકસ્માતને પગલે ધારી-અમરેલી રોડ પર વાહનોની અવરજવર પ્રભાવિત થતાં ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં ચલાલા પોલીસની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને અકસ્માત અંગેની વધુ કાર્યવાહી હાથ ધરી હતી. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે તપાસ શરૂ કરી હતી.

# સાવરકુંડલામાં ૮ મહિનાથી તૂટેલા રસ્તા મુદ્દે નગરજનોને પડતી હાલાકી

**સી.સી. કામ કરવાનું હોવા છતાં એજન્સી પાસે કામ કરાવવાને બદલે માત્ર મોરમ નાખી દેવાયો હોવાનો આક્ષેપ**



સાવરકુંડલા, તા. ૨૭

સાવરકુંડલા નગરપાલિકાના વોર્ડ નં. ૬ના વેલનાથપરા વિસ્તારમાં ડી.આઈ. પાઈપલાઈન નાખવા માટે તોડવામાં આવેલો સી.સી. રોડ ૮ મહિના બાદ પણ યોગ્ય રીતે રીપેર ન થતાં સ્થાનિકોને હાલાકી ભોગવવી પડી રહી છે. આ મુદ્દે નગરપાલિકા સદસ્ય ધર્મેન્દ્ર મહેતાએ સત્તાધીશો સામે સવાલો ઉઠાવ્યા છે. તેમના જણાવ્યા મુજબ, ટેન્ડરની શરતો પ્રમાણે રોડ પર ૪ ઈંચનું સી.સી. કામ કરવાનું હોવા છતાં એજન્સી પાસે કામ કરાવવાને બદલે માત્ર મોરમ નાખી દેવાયો હોવાનો આક્ષેપ છે. જેના કારણે રસ્તા પર ધૂળ-માટી અને ખાડાઓથી અકસ્માતનો ભય રહે છે. ચીફ ઓફિસર અને નગરપાલિકા પ્રમુખને રજૂઆત કરવા છતાં યોગ્ય કાર્યવાહી ન થયાનો આક્ષેપ કરાયો છે. તેમણે ટેન્ડર અને બિલની નકલો જાહેર કરી તટસ્થ તપાસ કરવા તેમજ સાત દિવસમાં યોગ્ય રીપેરીંગ કરવાની માગ કરી છે.

# સુરેન્દ્રનગરના ઐતિહાસિક પીપળીધામને રામદેવપીર પીઠ તરીકે વિધિવત દર્જો મળ્યો



સુરેન્દ્રનગર, તા.૨૭

સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ઐતિહાસિક પીપળીધામ હવે વિધિવત રામદેવપીર પીઠ તરીકે ઓળખાશે. રામદેવપીર બાપાના પ્રાગટ્ય દિવસે તા.૨૧ સપ્ટેમ્બરે ભક્તરાજ વાસુદેવ મહારાજનો જગતગુરુ રામદેવાચાર્ય તરીકે શ્રેષ્ઠત્તમ પદ અભિષેક કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિવિધ અખાડાના સાધુ-સંતો, મહામંડલેશ્વરો, મંડલેશ્વરો સહિત ૪૦ હજારથી વધુ સેવક સમુદાય અને હજારો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. પીપળીધામને રામદેવપીર પીઠ તરીકે નવી ઓળખ મળતા ઉપસ્થિત સંતો અને ભાવિકોમાં આનંદ જોવા મળ્યો હતો.

# બગસરા નાગરિક સહકારી બેંક લી.ના પરિસરમાં પ્રૌઢ ચોકીદાર પર હુમલો

**ગેરકાયદે પ્રવેશી ગ્રીલ ખખડાવતાં બહાર કાઢ્યો હતો**

બગસરા, તા.૨૭

બગસરા નાગરિક સહકારી બેંક લી.ના પરિસરમાં પ્રૌઢ ચોકીદાર પર હુમલો કરી નીચે પછાડી દેતાં લોહી નીકળતું બંધ કરવા ટાંકા લેવા પડ્યા હતા.બનાવ સંદર્ભે ચોકીદાર બાલુભાઈ પોલાભાઈ મકવાણા (ઉ.વ.૭૫)એ ઋત્વીકભાઈ ઉર્ફે પ્રતાપભાઈ દલસુખભાઈ પંચાસરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની ચોકીદારની ફરજ ઉપર હાજર હતા તે દરમિયાન આરોપી દીવાલ કૂદી બગસરા નાગરિક સહકારી બેંક લી.ના પરિસરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અંદર આવી ગ્રીલ ખખડાવતો હતો. જેથી તેમણે તેને બહાર કાઢતાં તેમની સાથે અણબનાવ અને જપાજપી કરી હતી. ત્યારબાદ ફરીવાર આરોપી બેંકના લોખંડના દરવાજાની ગ્રીલ કૂદી પરિસરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી અંદર આવી મુખ્ય ગેટની ગ્રીલ ખખડાવતો હતો. આથી ચોકીદારે તેને ફરી બહાર કાઢી, પોતે પણ બહાર નીકળી પોતાના ઘર બાજુ બનાવ અંગે જાણ કરવા જતા હતા. તે દરમિયાન આરોપીએ પાછળથી આવી અચાનક તેમના ઉપર હુમલો કરી ધક્કો મારી નીચે રોડ ઉપર પાડી દીધા હતા, જેમાં તેમને લોહી નીકળતું બંધ કરવા ટાંકા લેવા પડ્યા હતા. હુમલા બાદ આરોપી નાસી ગયો હતો. બનાવ અંગે બગસરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. પી.ડી. કલસરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધોરાજીમાં ગાંધીજીની પ્રતિમાની જાળવણી મુદ્દે સ્થાનિકોમાં રોષ


તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૨૭

ધોરાજીના ત્રણ દરવાજા પાસે આવેલી મહાત્મા ગાંધીજીની પ્રતિમાની જાળવણી કરવા માટે સ્થાનિક લોકો દ્વારા માંગ ઉઠવા પામી છે. પ્રતિમાના ચશ્મામાં તાર વિંટળાયેલો જોવા મળતા સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો હતો. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે, પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમા જાહેર સ્થળે આવેલી હોવા છતાં તેની યોગ્ય જાળવણી કરવામાં આવતી નથી. જેથી તંત્ર વાહકો દ્વારા તાત્કાલિક પ્રતિમાની સફાઈ કરી ચશ્મામાં વિંટળાયેલો તાર દૂર કરી પ્રતિમાની યોગ્ય જાળવણી કરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

# મન કી બાતમાં પીએમ મોદીએ સર્જિકલ સ્ટ્રાઈકના ૧૦ વર્ષ પૂર્ણ થવાનો ઉલ્લેખ કર્યો




નવી દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત'ના ૧૩૮મા એપિસોડમાં દેશને સંબોધતા ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈકના ૧૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે ૨૮-૨૯ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ ભારતીય સેનાએ નિયંત્રણ રેખા પાર કરી આતંકવાદી ઠેકાણાઓ સામે કાર્યવાહી કરી હતી. તેમના જણાવ્યા મુજબ, આ કાર્યવાહીથી આતંકવાદ સામે ભારતની નીતિનો નવો દાખલો વિશ્વ સમક્ષ આવ્યો.

વડાપ્રધાને સ્વર્ગસ્થ અશોક સિંઘલને શ્રધ્ધાંજલિ આપતાં તેમના સામાજિક યોગદાનનો ઉલ્લેખ કર્યો. તેમણે મોઢેરાના સૂર્ય મંદિર અને તેના સૌર ગામ તરીકેના વિકાસની પણ વાત કરી. આ ઉપરાંત આસામમાં પ્રકૃતિ સંરક્ષણ, સુંદરવનમાં મહિલાઓ દ્વારા મેન્ગ્રોવ વાવેતર, ડ્રગ્સ વિરોધી અભિયાન અને ગ્રામ્ય વિસ્તારોમાં રમતગમત પ્રતિભાને પ્રોત્સાહન આપવાના પ્રયાસોની ચર્ચા કરી. ઉત્તર પ્રદેશના પ્રતાપગઢમાં આમળા આધારિત સ્વસહાય જૂથો અને મહિલાઓના ઉદ્યોગસાહસની પણ પ્રશંસા કરી.

# ગમા પીપળીયામાં જલજીલણી એકાદશીની પરંપરાગત ઉજવણી


તસવીર : ભાનુભાઈ પાનશેરીયા

ગમાપીપળીયા,તા.૨૭

બાબરા તાલુકાના ગમા પીપળીયા ગામે ભાદરવા સુદ અગિયારસ નિમિત્તે જલજીલણી એકાદશીની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. આગલા દિવસે ગામના ત્રણેય મંદિરના ઠાકરજીને ભક્તો સાથે દ્વારકા લઈ જવામાં આવ્યા હતા. મધુભાઈ માળવિયાના આયોજન હેઠળ ભક્તો ધૂન, ભજન અને કીર્તન ગાતા દ્વારકા પહોંચ્યા હતા. ગોમતી ઘાટે ઠાકરજીને મંગળા સ્નાન કરાવી ભક્તોએ પણ સ્નાન કર્યું હતું. ત્યારબાદ મંગળા આરતી કરી દ્વારકાધીશના દર્શન કર્યા હતા. ગમા પીપળીયા પરત ફર્યા બાદ ઠાકરજીને નદીમાં સ્નાન કરાવી શણગાર કરવામાં આવ્યો હતો. તબલા અને મંજીરાના તાલે 'હરી આવો'ની ધૂન સાથે ઠાકરજીની ગામમાં ઘરે-ઘરે પધરામણી કરાઈ હતી. ભાવિકોએ આરતી ઉતારી દર્શનનો લાભ લીધો હતો. આ પ્રસંગે મહેશ બાપુ દેશાણી, ભાનુભાઈ પાનશેરીયા, મધુભાઈ માળવિયા સહિત ગ્રામજનો અને આસપાસના ગામોના ભક્તો જોડાયા હતા.

# ઉનાના ખોડીયારનગરમાં ગણેશ પંડાલ ખાતે ફ્રી હેલ્થ કેમ્પનું આયોજન



ઉના,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના જાહેર જીવન અને સેવા સંકલ્પના ભાગરૂપે ઉનાના વોર્ડ નં. ૧ના ખોડીયારનગર ખાતે નિઃશુલ્ક આરોગ્ય કેમ્પ યોજાયો હતો. ધારાસભ્ય કે.સી. રાઠોડના હસ્તે કેમ્પનો પ્રારંભ કરાયો હતો. ગણેશજી અને ખોડિયાર માતાની પૂજા બાદ લોકોએ આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો. કેમ્પમાં બી.પી., સુગર ટેસ્ટ, એક્સ-રે, સામાન્ય આરોગ્ય તપાસ, તબીબી માર્ગદર્શન અને દવાઓની નિઃશુલ્ક સેવા આપવામાં આવી હતી. જરૂરિયાતમંદો માટે સ્થળ પર PMJAY કાર્ડ કાઢી આપવાની સુવિધા પણ હતી. NCD સ્ક્રીનિંગનો ૫૨, આરોગ્ય સેવાઓનો ૮૦, X-Rayનો ૨૮ અને PMJAY કાર્ડનો ૨૮ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

# કોહલી અને ગિલની સદી વડે ભારતે વેસ્ટ ઈન્ડીઝને હરાવ્યું

તિરુવનંતપુરમ, તા.૨૭

ભારતે તિરુવનંતપુરમના ગ્રીનફીલ્ડ સ્ટેડિયમમાં રમાયેલી પહેલી વન-ડે મેચમાં વેસ્ટ ઈન્ડીઝને ૮ વિકેટે હરાવીને ૩ મેચની સિરીઝમાં ૧-૦ની લીડ મેળવી લીધી છે. વેસ્ટ ઈન્ડીઝે પહેલા બેટિંગ કરતા જસ્ટિન ગ્રીવ્સના ૧૦૧ રન, જોન કેમ્પબેલના ૬૨ રન અને આમીર જંગુના ૫૮ રનની મદદથી ૫૦ ઓવરમાં ૭ વિકેટે ૨૯૫ રન બનાવ્યા હતા. ભારત તરફથી કુલદીપ યાદવે શ્રેષ્ઠ બોલિંગ કરતા ૪ વિકેટ ઝડપી હતી. જવાબમાં ભારતે ૪૧.૪ ઓવરમાં ૨ વિકેટ ગુમાવીને ૩૦૦ રન બનાવી મેચ જીતી લીધી હતી. વિરાટ કોહલીએ અણનમ ૧૩૯ રનની ઈનિંગ રમી, જે વન-ડેમાં તેની ૫૫મી અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૮૬મી સદી હતી. તે વન-ડે ક્રિકેટમાં માત્ર ૩૦૩ ઈનિંગ્સમાં સૌથી ઝડપી ૧૫,૦૦૦ રન બનાવનારો બેટર બન્યો અને સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો. કેપ્ટન શુભમને પણ કરિયરની ૧૦મી સદી ફટકારતા ૧૧૦ રન બનાવ્યા હતા

# રાજુલાના બારપટોળીમાં બીમાર સિંહનો વનકર્મીઓ પર હુમલો, અફડાતફરીમાં રિવોલ્વર ગુમ

અમરેલી, તા.૨૭

રાજુલા તાલુકાના નવી બારપટોળી ગામની સીમમાં બીમાર સિંહના રેસ્ક્યૂ ઓપરેશન દરમિયાન સિંહે વનવિભાગની ટીમ પર અચાનક હુમલો કરતાં ફોરેસ્ટર એમ.જે. ખાવડીયા અને ટ્રેકર ભરત જોગદીયા ઈજાગ્રસ્ત થયા હતા. ટ્રેકરને પેટના ભાગે ગંભીર ઈજા થતાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે ભાવનગર ખસેડવામાં આવ્યા હતા. હુમલા દરમિયાન સર્જાયેલી અફરાતફરીમાં ફોરેસ્ટરની લાઈસન્સવાળી ખાનગી રિવોલ્વર અને છ જીવંત કારતૂસ પડી જતાં ગુમ થયા હતા. આ અંગે પોલીસને જાણ કરવામાં આવી છે અને રિવોલ્વરની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ઘટના બાદ સિંહ નાસી છૂટતાં આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. શેત્રુંજી DCF ચિરાગ અમીન અને ACF રાજન જાદવના માર્ગદર્શન હેઠળ સાસણથી વિશેષ ટીમો બોલાવવામાં આવી છે. ડ્રોન કેમેરા સહિત ૧૦ અલગ-અલગ ટીમોની મદદથી સિંહ તેમજ ગુમ થયેલી રિવોલ્વરની શોધ માટે મેગા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે.

# દીવ-ઘોઘલા રોડ પર ગણેશ વિસર્જનના ટોળામાં કાર ઘૂસી, ૧૦થી વધુ લોકો અડફેટે



ઉના,તા.૨૭

દીવના ઘોઘલા ગામના એન્ટ્રી રોડ પર ગણેશ વિસર્જન દરમિયાન લોકોના ટોળામાં અચાનક સ્વિફ્ટ કાર ઘૂસી જતા ભયાનક અકસ્માત સર્જાયો હતો. કારની અડફેટે ૧૦થી વધુ લોકો આવ્યા હતા. અકસ્માતમાં અનેક લોકોને ઈજાઓ પહોંચતા અફરાતફરી મચી હતી. ઈજાગ્રસ્તોમાં હિનસીબેન ચૌહાણ (૪), ચૈહસી ઉમેશભાઈ (૫), જયશ્રીબેન કાપડિયા (૫૦) અને ભૂમિકાબેન સોલંકી (૩૮) સહિતના લોકોને સારવાર માટે ખસેડાયા હતા. ચાર ઈજાગ્રસ્તોની ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે, જ્યારે પાંચથી વધુ લોકોને દીવની સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ બાદ લોકોએ કારચાલકને ઝડપી લીધો હતો અને મારામારી પણ કરી હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે સ્થળ પર પહોંચી કારચાલકને કબજામાં લીધો હતો. એસપીના જણાવ્યા મુજબ, કારચાલક એભાભાઈ ચાવડા, મૂળ ઉપલેટાના રાજપરા ગામનો હોવાનું જાણવા મળ્યું છે. તે નશાની હાલતમાં કાર ચલાવતો હતો અને તેની સામે ગુનો નોંધાયો છે.

# ગોંડલ એમ.બી. આટ્ર્સ કોલેજમાં 'વિકસિત ભારત યુવા સંવાદ' યોજાયો




ગોંડલ, તા.૨૭

ગોંડલની મહારાજા ભગવતસિંહજી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે 'વિકસિત ભારત યુવા સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કરી વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની ભૂમિકા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. આ પ્રસંગે ધારાસભ્ય ગીતાબા જાડેજાએ મનસુખ માંડવિયાનું પુસ્તક અને ગુલાબ આપી સ્વાગત કર્યું હતું. સંવાદ દરમિયાન આત્મનિર્ભરતા, સંસદ ભવન, ગોંડલનો ઈતિહાસ તેમજ ધોળાવીરાની સંસ્કૃતિ સહિતના વિવિધ વિષયો અંગે ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ રમતગમત સહિતના વિવિધ વિષયો પર પ્રશ્નો પૂછ્યા હતા, જેના મંત્રીએ જવાબ આપ્યા હતા. મનસુખ માંડવિયાએ 'My Bharat' એપ ડાઉનલોડ કરી ક્વિઝમાં ભાગ લેવા વિદ્યાર્થીઓને અપીલ કરી હતી. કાર્યક્રમમાં પ્રાંત અધિકારી પારસ વાંદા, બ્રિજરાજસિંહ વાળા, ગીતાબા જાડેજા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**રૂ.૧,૫૪૨ કરોડથી વધુના રેલવે પ્રોજેક્ટનો પ્રારંભ; એલએનજી-ડીઝલ બંને ઇંધણથી ચાલતી ટ્રેનનું આઠ મહિના પરીક્ષણ કરાયું**

# અમદાવાદમાં દેશની પ્રથમ એલએનજી ટ્રેનને ગૃહમંત્રી અમિત શાહે આપી લીલી ઝંડી

અમદાવાદ, તા.૨૭

અમદાવાદમાં રેલવે ક્ષેત્રે વૈકલ્પિક ઈંધણના ઉપયોગ તરફ મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રવિવારે દેશની પ્રથમ એલએનજી આધારિત ટ્રેનને લીલી ઝંડી આપી હતી. આ સાથે રૂ.૧,૫૪૨ કરોડથી વધુના વિવિધ રેલવે અને વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

દેશની પ્રથમ એલએનજી ટ્રેન ડ્યુઅલ-ફ્યુઅલ ટેક્નોલોજીથી તૈયાર કરવામાં આવી છે. એટલે કે તેનું એન્જિન એલએનજી તેમજ ડીઝલ બંને ઈંધણ પર ચાલી શકે છે. એક વખત એલએનજી ટેન્ક સંપૂર્ણ ભર્યા બાદ ટ્રેન આશરે ૨,૨૦૦ કિલોમીટર સુધીનું અંતર કાપી શકે છે. ઉપલબ્ધ ઈંધણ અને કામગીરીની જરૂરિયાત પ્રમાણે એન્જિનને એલએનજી અને ડીઝલ વચ્ચે સ્વિચ કરી શકાય છે.

આ પ્રોજેક્ટ હેઠળ ૧,૪૦૦ હોર્સપાવર ક્ષમતા ધરાવતી બે ડ્રાઈવિંગ પાવર કારને એલએનજી ડ્યુઅલ-ફ્યુઅલ સિસ્ટમમાં રૂપાંતરિત કરવામાં આવી છે. આ ટેક્નોલોજીનો ૨,૦૦૦ કિલોમીટરથી વધુનો ફિલ્ડ ટ્રાયલ પણ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો છે.



મહેસાણા અને સાબરમતી વચ્ચે આશરે આઠ મહિના સુધી ટ્રેનનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ટ્રેનની કામગીરી, ઈંધણની ક્ષમતા અને ડ્યુઅલ-ફ્યુઅલ સિસ્ટમની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં આવી ટેક્નોલોજી અન્ય ૮થી ૧૦ ટ્રેનોમાં અપનાવવાની યોજના હોવાનું જણાવાયું છે.

અમદાવાદના ડીઆરએમ વેદ પ્રકાશના જણાવ્યા મુજબ, એલએનજી ડીઝલની સરખામણીમાં સસ્તું ઈંધણ હોવાથી સંચાલન ખર્ચમાં ઘટાડો થવાની શક્યતા છે. ઉપરાંત, એલએનજી આધારિત સંચાલનથી પ્રદૂષણમાં પણ ઘટાડો થઈ શકે છે. એલએનજીના ઉપયોગથી કાર્બન ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ અને રજકણોના ઉત્સર્જનમાં ઘટાડો થવાની શક્યતા છે.

કાર્યક્રમ દરમિયાન સાબરમતી ખાતે આશરે રૂ.૭૦૦ કરોડના ખર્ચે તૈયાર કરાયેલા ડબ્લ્યુએજી-૧૨ લોકોમોટિવ મેન્ટેનન્સ શેડનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અહીં ૧૨,૦૦૦ હોર્સપાવર ક્ષમતા ધરાવતા આશરે ૩૦૦ ઈલેક્ટ્રિક માલગાડી એન્જિનના મેન્ટેનન્સ માટે આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગૃહમંત્રી અમિત શાહે ટ્રેનના એન્જિનમાં જઈ તેની ટેક્નિકલ ક્ષમતા અને કામગીરી અંગે માહિતી મેળવી હતી.

## અમદાવાદ-મુંબઈ હાઈવે પરથી રૂ.૮૪.૩૨ લાખનો દારૂ ઝડપાયો

આણંદ, તા.૨૭

ગણેશ વિસર્જનના બંદોબસ્ત દરમિયાન મળેલી બાતમીના આધારે આણંદ એલસીબીએ અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર રાવળાપુરા બ્રિજ પાસે કન્ટેનર ટ્રકને અટકાવી તપાસ કરી હતી. હોમ એપ્લાયન્સના સામાનની આડમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ સંતાડેલો મળી આવ્યો હતો. પોલીસે ૨૯૦ પેટીમાંથી ૮,૫૯૨ બોટલ દારૂ, જેની કિંમત રૂ.૪૪,૫૮,૧૫૦ છે, કબજે કર્યો હતો. દારૂ ઉપરાંત રૂ.૧૫ લાખની કન્ટેનર ટ્રક, બે મોબાઈલ અને રૂ.૨૪,૪૩,૩૫૦નો અન્ય સામાન મળી કુલ રૂ.૮૪,૩૨,૫૧૦નો મુદામાલ જપ્ત કરાયો હતો. પોલીસે હરિયાણાના મુખત્યાર હાકમ દરાબ મેઉ અને રૂકમુદીન સદીક કમલા મેઉની ધરપકડ કરી છે. જ્યારે ઈરફાનખાન જામીલ અને સદ્દામને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ગોંડલ નજીક કાર અને એક્ટીવા વચ્ચે અકસ્માતમાં એક જ પરિવારના ત્રણનાં મોત

રાજકોટ, તા.૨૭

ગોંડલ તાલુકાના ધોધાવદર અને રામોદ ગામ વચ્ચે કાર અને એક્ટિવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં એક જ પરિવારના ત્રણ સભ્યોનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અનિડા ભાલોડી ગામના જયેશભાઈ કરશનભાઈ બગડા (ઉં.વ.૪૦) પત્ની શાંતુબેન અને ૧૩ વર્ષીય પુત્ર વ્રજ સાથે એક્ટિવા નં. જીજે-૦૩-એલએસ-૫૯૭૧ પર રામોદ ખાતે સસરાના ઘરે જઈ રહ્યા હતા. દરમિયાન



ટાટા નેક્સોન કાર નં. જીજે-૨૩-સીએફ-૦૪૭૨ સાથે એક્ટિવાની ટક્કર થઈ હતી. અકસ્માતમાં કાર એક્ટિવાને ઢસડીને ખાડા સુધી લઈ ગઈ હતી. ટક્કર બાદ પતિ, પત્ની અને પુત્રના મોત થયા હતા. કારમાં સવાર લોકો સાળંગપુર હનુમાનજીના દર્શન કર્યા બાદ ગોંડલના અક્ષર મંદિર જઈ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં પોલીસ અને ૧૦૮ની ટીમો પહોંચી હતી. ત્રણ એમ્બ્યુલન્સની મદદથી મૃતદેહોને ગોંડલ સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડાયા હતા. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## કચ્છના નીલપર શાળા દુષ્કર્મ કેસમાં ફરાર આચાર્ય આણંદથી ઝડપાયો

ભુજ, તા.૨૭




કચ્છના રાપર તાલુકાના નીલપરની નિવાસી શાળામાં સગીર છાત્રા સાથે દુષ્કર્મના કેસમાં ફરાર આચાર્ય વિપુલ ગોહિલને રાપર પોલીસે આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાના દેવાતલપડ ગામેથી ઝડપી પાડ્યો છે. હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. આચાર્ય સામે પોક્સો એક્ટ અને બી.એન.એસ. હેઠળ ગુનો નોંધાયો હતો. કેસમાં પીડિતાને ધમકાવી મામલો દબાવવાના આરોપસર હોસ્ટેલની ગૃહમાતા પૂજા ગોહિલ, સંસ્થાના મંત્રી દિનેશ સંઘવી અને મેનેજર અનિરુદ્ધસિંહ જાડેજા સામે પણ ગુનો નોંધાયો છે. પોલીસે તમામ આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## થરાદ પાસે ભારતમાલા હાઈવે પર અકસ્માતમાં અમરેલીના યુવાન સહિત બેના મોત

અમરેલીલ તા.૨૭

બાંસકાંઠા જિલ્લાના થરાદ-ડીસા હાઈવે પર માલપુર નજીક ભારતમાલા રોડ પર રવિવારે વહેલી સવારે એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. રાજકોટથી રાજસ્થાન જઈ રહેલી એક સ્પીડમાં આવતી રેન્જ રોવર કાર સામે અચાનક આખલો આવી જતાં કાર તેની સાથે જોરદાર રીતે અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર સીધી ડિવાઈડર સાથે ટકરાઈને કચડાઈ ગઈ હતી અને તેના તમામ સ્પેરપાર્ટ્સ



રોડ પર વેરાઈ ગયા હતા. આ દુર્ઘટનામાં કારમાં સવાર ત્રણ યુવકોમાંથી અમરેલીના દિવ્યજીત અને રાજકોટના યુવરાજસિંહનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. જ્યારે રાજકોટના હરદીપસિંહ નામના યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડ્યા હતા. થરાદ સિવિલ હોસ્પિટલના તબીબોએ બંને યુવકોને મૃત જાહેર કર્યા હતા અને ગંભીર રીતે ઘવાયેલા હરદીપસિંહને વધુ સારવાર અર્થે અમદાવાદ ખસેડવામાં આવ્યા છે.

## દર શનિવારે રજાની માગ સાથે આજથી ત્રણ દિવસ બેંક કર્મીઓની હડતાલ

અમરેલી, તા.૨૭

યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા દર શનિવારે રજા રાખવાની મુખ્ય માગણી સાથે ૨૮થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન ત્રણ દિવસીય દેશવ્યાપી હડતાલનું એલાન કરવામાં આવ્યું છે. આ હડતાલમાં ગુજરાતના ૫૦ હજાર અને સૌરાષ્ટ્ર-કચ્છના ૧૦ હજાર કર્મચારીઓ જોડાશે. જેથી કરોડો રૂપિયાના વ્યવહારો અને ચેક ક્લિયરિંગ અટકી જવાની શક્યતા છે. હડતાલને ધ્યાનમાં રાખી




આરબીઆઈના આદેશથી રવિવારે પણ બેંકો ખુલ્લી રાખવામાં આવી હતી. ગ્રાહકોએ બેંક હડતાલ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જ્યારે યુનિયનના નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે ૫-દિવસીય બેંકિંગ અંગે સરકાર તરફથી કોઈ સ્પષ્ટ નિર્ણય ન આવતા આ પગલું ભરવું પડ્યું છે. એટીએમમાં રોકડ ખૂટી જવાની ભીતિ વચ્ચે યુનિયને સામાન્ય જનતાને પડનારી અગવડ બદલ માફી માગી છે.






## રાજકોટ સિવિલના ભોજનમાં જીવાત નીકળ્યાનો વીડિયો વાયરલ, દર્દીના સગાની RMOને ફરિયાદ

રાજકોટ, તા.૨૭

રાજકોટની સિવિલ હોસ્પિટલ ફરી એકવાર વિવાદમાં આવી છે. પ્લાસ્ટિક સર્જરી વોર્ડમાં સારવાર હેઠળ દાખલ કૌશિકભાઈ નામના દર્દીને આપવામાં આવેલી ભોજનની થાળીમાંથી ધનેડા જેવી જીવાત મળી આવતાં મચ્યો છે. દર્દીના સગા અમિત રાઠોડે આ અંગેનો વીડિયો સોશિયલ મીડિયા



પર વાયરલ કર્યો છે. વીડિયો સામે આવ્યા બાદ હોસ્પિટલમાં પીરસાતા ખોરાકની ગુણવત્તા અને રસોડાની સ્વચ્છતા પર ગંભીર સવાલો ઊભા થયા છે. આ ઘટના બાદ દર્દીના સગાએ ડૉક્ટર અને નર્સિંગ સ્ટાફની સલાહથી આરએમઓ (RMO) સમક્ષ લેખિત ફરિયાદ નોંધાવી હતી. બીજી તરફ, રસોડામાં ફરજ બજાવતા ડાયેટિશિયને બેદરકારીના તમામ આરોપો ફગાવ્યા હતા અને દાવો કર્યો હતો કે ભોજનમાં જોવા મળેલી વસ્તુ જીવાત કે ધનેડું નથી, પરંતુ શેકેલું જીરું છે.

## લોકરક્ષક ભરતીમાં ૧૦ ગેરલાયક ઉમેદવારોને ફરી તક

ગાંધીનગર, તા.૨૭

રાજ્યમાં ૧૪ જૂને યોજાયેલી લોકરક્ષક કેડરની લેખિત પરીક્ષામાં ગેરરીતિ મામલે સીસીટીવી વ્યુઈંગ કમિટીની તપાસના આધારે ૩૮૫ ઉમેદવારોને ગેરલાયક ઠેરવાયા હતા. ગેરલાયક ઉમેદવારોને પોતાનો પક્ષ રજૂ કરવાની તક અપાતા ૨૫ ઉમેદવારો રૂબરૂ હાજર રહ્યા હતા.

ભરતી બોર્ડે રજૂઆતો સાંભળ્યા બાદ ૨૫માંથી ૧૦ ઉમેદવારોની રજૂઆત ગ્રાહ્ય રાખી છે. આથી ૧૦ ઉમેદવારોને ગેરલાયક ઉમેદવારોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે, જ્યારે ૧૫ ઉમેદવારોની રજૂઆત નામંજૂર કરવામાં આવી છે. હવે ૩૭૫ ઉમેદવારો અંતિમ રીતે ગેરલાયક રહેશે. ગેરલાયક યાદીમાંથી બહાર કરાયેલા ૧૦ ઉમેદવારોને ૩૦ સપ્ટેમ્બરથી શરૂ થનારી દસ્તાવેજ ચકાસણી પ્રક્રિયામાં સામેલ કરવામાં આવશે.








